RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 218 Dt. 30-11-2024 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




### એક વર્ષ અગાઉના સમાન ત્રિમાસિક ગાળામાં ૮.૧ ટકાની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૪ ટકા

# દેશનો વિકાસ થંભ્યો GDP છેલ્લા બે વર્ષના તળિયે

નવીદિલ્હી, તા. ૨૯

ભારતનો આર્થિક વિકાસ દર એક વર્ષ અગાઉના સમાન ત્રિમાસિક ગાળામાં ૮.૧ ટકાની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૪ ટકાની લગભગ બે વર્ષની નીચી સપાટીએ ધીમો પડી ગયો હતો. તેના સત્તાવાર આંકડા શુક્રવારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. જો કે, ભારત સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર રહ્યું. આ વર્ષે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ચીનનો જીડીપી ગ્રોથ ૪.૬ ટકા હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૨)માં ૪.૩ ટકા જીડીપી વૃદ્ધિનો અગાઉનો નીચો દર નોંધાયો હતો.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ના ડેટા અનુસાર, કૃષિ ક્ષેત્રનો GVA (ગ્રોસ વેલ્યુ એડેડ) ૨૦૨૩-૨૪ના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વધીને ૩.૫ ટકા થયો છે જે એક વર્ષ અગાઉ ૧.૭ ટકા હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો GVA વૃદ્ધિ દર ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ઘટીને ૨.૨ ટકા થયો છે, જ્યારે એક વર્ષ અગાઉ તેણે ૧૪.૩ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી. ૨૦૨૪-૨૫માં એપ્રિલ-સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન દેશનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) ગ્રોથ ગત નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ૮.૨ ટકાની સરખામણીએ ૬ ટકા રહ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપીનો વિકાસ દર ૬.૭ ટકા પર યથાવત રહ્યો છે. સરકારી ડેટા અનુસાર, મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોની વૃદ્ધિ ઓક્ટોબર ૨૦૨૪માં ધીમી પડીને ૩.૧ ટકા થઈ હતી, જે એક વર્ષ અગાઉના સમાન મહિનામાં ૧૨.૭ ટકા હતી. ૨૦૨૪-૨૫ ના એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર ૬.૭ ટકા પર યથાવત રહ્યો હતો. ૨૦૨૪-૨૫ ના ચર માં સ્થિર કિંમતો પર વાસ્તવિક GDP અથવા GDP ૪૪.૧૦ લાખ કરોડનો અંદાજ છે, જ્યારે ચર ૨૦૨૩-૨૪ માં તે ૪૧.૮૬ લાખ કરોડ રૂપિયા હશે, જે ૫.૪ ટકાનો વધારો દર્શાવે છે, NSOએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

## બીજા ક્વાર્ટરમાં જીડીપી 76.60 લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે

**NSO**ના ડેટા અનુસાર, વર્તમાન કિંમતો પર નજીવી જીડીપી અથવા જીડીપી **2024-25**ના બીજા ક્વાર્ટરમાં રૂ. **76.60** લાખ કરોડ હોવાનો અંદાજ છે, જ્યારે **2023-24**ના બીજા ત્રિમાસિક ગાળામાં તે રૂ. **70.90** લાખ કરોડ થશે, જે વૃદ્ધિ દર દર્શાવે છે. **8.0** ટકા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અર્ધવાર્ષિક ધોરણે, એપ્રિલ-સપ્ટેમ્બર **2024-25** (**H1FY25**) માં સ્થિર કિંમતો પર વાસ્તવિક **GDP** અથવા **GDP 87.74** લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જ્યારે **H1 2023-24** માં તે **82.77** લાખ કરોડ રૂપિયા હશે. **2017**માં, જે **6** ટકાનો વિકાસ દર દર્શાવે છે.

# મહારાષ્ટ્રમાં રાજકીય ચિત્ર હજુ અસ્પષ્ટ

### શપથ ગ્રહણ ૭ ડિસેમ્બર પહેલા : એકનાથ શિંદેએ ઓછામાં ઓછા ૧૦-૧૨ મંત્રાલયોની માંગ કરી

નવીદિલ્હી તા. ૨૯

મહારાષ્ટ્રમાં નવી સરકારની રચનાનું ચિત્ર ઘણા અંશે સ્પષ્ટ થઈ ગયું છે. જો કે આગામી સરકારની રચનાને લઈને કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર નવી સરકારનો શપથ ગ્રહણ ૭ ડિસેમ્બર પહેલા થઈ શકે છે. ગુરુવારે રાત્રે મહાયુતિના ત્રણ મોટા નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને દિલ્હીમાં તેમના ઘરે મળ્યા હતા. આ બેઠકમાં ત્રણેય નેતાઓએ પોતાની માંગણીઓ અમિત શાહ સમક્ષ રજૂ કરી હતી. દરમિયાન શિવસેનાના સૂત્રોનો દાવો છે કે એકનાથ શિંદેએ મુખ્યમંત્રી પદ છોડવાને બદલે ઓછામાં ઓછા ૧૦-૧૨ મંત્રાલયોની માંગ કરી છે. તેની પાસે ગૃહ અને શહેરી વિકાસ જેવા મહત્વપૂર્ણ મંત્રાલયો છે.



જો કે આ બેઠકની તસવીર પરથી ઘણી બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે. અમિત શાહે દેવેન્દ્ર ફડણવીસને ફૂલોનો ગુલદસ્તો સોંપતાની સાથે જ સ્પષ્ટ થઈ ગયું કે રાજ્યના મુખ્યમંત્રી તરીકે કોની તાજપોશી થવા જઈ રહી છે. હવે સૂત્રો કહી રહ્યા છે કે ભાજપ નવી સરકારમાં ઓછામાં ઓછા ૨૦ મંત્રાલયો રાખશે.

મહાગઠબંધનની મહત્વની બેઠક અચાનક રદ થયા બાદ મહારાષ્ટ્રમાં નવી સરકારની રચના અનિશ્ચિત છે. કાર્યકારી મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, જે શુક્રવારે સવારે ભાજપના દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપી નેતા અજિત પવાર સાથે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા સાથે ચર્ચા કર્યા પછી મુંબઈ પરત ફર્યા હતા, અણધારી રીતે સતારા જિલ્લામાં તેમના ગામ જવા રવાના થયા હતા. વિલંબને કારણે પોર્ટફોલિયોની વહેંચણીની ચર્ચાઓ અવઢવમાં રહી ગઈ છે અને રાજ્ય સરકારની લગામ કોણ સંભાળશે તેના પર વધુ જટિલ વાટાઘાટો થઈ ગઈ છે.

# દેશદ્રોહી દિપેશ ગોહિલ ઓખાથી ઝડપાયો

### આરોપી ભારતીય કોસ્ટ ગાર્ડ અને દરિયાઇ સીમાઓ વિશે પાકિસ્તાની એજન્ટોને સંવેદનશીલ માહિતી આપવાનો લાગ્યો આરોપ

ઓખા, તા. ૨૯

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (ATS) એ ભારતીય નાગરિક દિનેશ ગોહિલની દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠાના શહેર ઓખામાંથી જાસૂસીના આરોપસર ધરપકડ કરી છે. ગોહિલ પર ભારતીય કોસ્ટ ગાર્ડ અને દરિયાઈ સીમાઓ વિશે પાકિસ્તાની એજન્ટોને સંવેદનશીલ માહિતી આપવાનો આરોપ છે. બાતમીના આધારે અઝજએ ગોહિલની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રતિકૂળ સંસ્થાઓને સંવેદનશીલ માહિતીના પ્રવાહને રોકવા માટે અઝજ દ્વારા આ બીજી મહત્વપૂર્ણ કાર્યવાહી છે. એટીએસના સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીએ સોશિયલ મીડિયા અને અન્ય અજાણી ચેનલો દ્વારા પાકિસ્તાનમાં સંપર્કો સાથે ભારતીય કોસ્ટ ગાર્ડ અને દરિયાઈ પ્રવૃત્તિઓ વિશેની મહત્વપૂર્ણ વિગતો શેર કરી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે ગોહિલે દરિયાઈ સરહદને લગતા ફોટોગ્રાફ્સ અને અન્ય સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને મોકલી હતી. ઓખા નજીક ખાનગી કંપનીમાં કામ કરતા ગોહિલના પાકિસ્તાનમાં વ્યક્તિઓ સાથે સંબંધો હોવાનું મનાય છે. એટીએસ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે તે આ જાસૂસી નેટવર્કનો ભાગ કેવી રીતે બન્યો અને તે નાણાંકીય લાભ કે હનીટ્રેપથી પ્રભાવિત હતો કે કેમ ધરપકડ પહેલા એટીએસએ ગોહિલની હિલચાલ પર ઘણા દિવસો સુધી નજર રાખી હતી. પૂછપરછ પછી, તે પુષ્ટિ મળી હતી કે ગોહિલે કોસ્ટ ગાર્ડ પ્રવૃત્તિઓ અને દરિયાઈ સુરક્ષા પ્રોટોકોલ વિશે પૂરતી માહિતી શેર કરી હતી. એટીએસે તેના સાગરિતોની પણ પૂછપરછ કરી છે કે તેઓ તેની પ્રવૃતિઓમાં સંડોવાયેલા હતા કે તેની જાણ હતી.

આ કેસ ગયા મહિને પોરબંદરમાં સમાન ઘટના પછી આવ્યો છે, જ્યાં ATS એ પાકિસ્તાની એજન્ટો સાથે કોસ્ટ ગાર્ડ વિશેની ગુપ્ત માહિતી શેર કરવા બદલ પંકજ કોટિયા નામની અન્ય વ્યક્તિની ધરપકડ કરી હતી. કોટિયા કથિત રીતે પાકિસ્તાની આર્મી અથવા ગુપ્તચર એજન્સી ISI સાથે સંકળાયેલા ઓપરેટિવ્સના સંપર્કમાં હતો. તેણે પોરબંદર કોસ્ટ ગાર્ડ જેટી અને



ભારતીય કોસ્ટ ગાર્ડ બોટ વિશે માહિતી લીક કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો. તેમની અટકાયત બાદ, ATSએ આરોપો દાખલ કર્યા અને કોટિયાની અટકાયત કરી, ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં તેમની દેખરેખમાં વધારો કર્યો. ATS હવે જાસૂસી નેટવર્કની સંપૂર્ણ હદનો પર્દાફાશ કરવા અને આ કામગીરીમાં સંભવિત રીતે સામેલ અન્ય વ્યક્તિઓને ઓળખવા માટે કામ કરી રહી છે. ઓખા અને પોરબંદર જેવા દરિયાકાંઠાના શહેરો, પાકિસ્તાનની નજીક હોવાને કારણે, તેમના વ્યૂહાત્મક મહત્વને કારણે ગુપ્તચર એજન્સીઓ માટે કેન્દ્રીય બિંદુઓ છે. ધરપકડની આ શ્રેણી સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં જાસૂસીના સતત ભયને રેખાંકિત કરે છે. અઝજ અધિકારીઓએ આવી ઘટનાઓને રોકવા માટે સુરક્ષાના પગલાં અને જનજાગૃતિ વધારવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો છે.

ATSએ ઓખામાં રહેતા દિનેશ ગોહિલ નામના વ્યક્તિની ધરપકડ કરી છે. તે છેલ્લા ઘણા સમયથી ભારતીય કોસ્ટગાર્ડ અને દરિયાઈ સીમાની કેટલીક મહત્વની માહિતી પાકિસ્તાનને પહોંચાડતો હતો. દિનેશ ગોહિલ પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો હતો અને સોશિયલ મીડિયા અને બીજા કેટલાક માધ્યમોથી કોસ્ટગાર્ડ અને ભારતીય દરિયાઈ સરહદની તસવીરો પાકિસ્તાનમાં કોઈ વ્યક્તિને મોકલતો હતો.

### મહેમાન આવે છે આવે છે નહીં .... મહેમાન આવી ગયા

# તીર્થક, રાધે, સોહમ કોલ, ચાવડા ઈન્ફ્રા પર ITની સટાસટી

### ૩૨ થી વધુ જગ્યાઓ પર સર્ચ ઓપરેશન : રાજકોટ સહિત અન્ય શહેરના ૭૫ અધિકારીઓ દરોડામાં જોડાયા

રાજકોટ, તા. ૨૯

રાજકોટ અને મોરબી હાલ સેન્ટ્રલ એજન્સી માટે હોટકેક સાબિત થઈ રહ્યું છે. છેલ્લા એક માસની જો વાત કરવામાં આવે તો રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ઇન્કમટેક્સ અને જીએસટી વિભાગના દરોડા પડ્યા છે અને સાથોસાથ ઈડીએ પણ તપાસમાં ઝંપલાવ્યું છે. ત્યારે ગઈકાલે ફરી એક વખત ગુજરાતમાં આવકવેરા વિભાગનું સૌથી મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું જેમાં મહેસાણા લીડ સર્ચમાં જોવા મળ્યું અને તેનું કનેક્શન મોરબી, હિંમતનગર અને ગાંધીનગર સામે આવ્યું છે. ગઈકાલે જે દરોડા પડ્યા તેમાં તીર્થક, રાધે અને સોહમ કોલની સાચો સાથ ચાવડા ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગઈકાલ વહેલી સવારથી જ આવકવેરા વિભાગની ટીમે ધામા નાખ્યા. મળતી માહિતી મુજબ આ સમગ્ર સરચ ઓપરેશન કુલ ૩૨ થી વધુ જગ્યા ઉપર ચાલી રહ્યું છે જેમાં ૭૦ થી વધુ અધિકારીઓ પણ જોડાયા છે. તપાસની પ્રથમ ચરણમાં જ આવકવેરા વિભાગને જરૂરી તમામ ડિજિટલ દસ્તાવેજ હાથ લાગ્યા છે એટલું જ નહીં આ દસ્તાવેજ મારફતે હજુ અનેકવિધ ડેટા આવકવેરા વિભાગ સામે આવી શકે છે જેમાં અત્યંત ચોકા અવનારી વિગતો બહાર આવે તો નવાઈ નહીં. બીજી તરફ આ તમામ પેઢીઓ દ્વારા બેનામી વ્યવહારો પણ સામે આવે તેવી વાત હાલ ચાલી રહી છે.

**હજુ ચારથી પાંચ દિવસ તપાસ ચાલે તેવી સંભાવના : ખૂબ મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો મળી આવવાની શક્યતા**

આવકવેરા વિભાગ માટે મોરબી અમદાવાદ અને રાજકોટ હર હંમેશ મહત્વના સ્થાન રહ્યા છે ત્યારે તીર્થક ગ્રુપ ઉપર આઇટી વિભાગે તપાસનો ધમધમાટ જે રીતે કર્યો છે તેને જોતા એવા જ સ્પષ્ટ હજુ આગામી ચારથી પાંચ દિવસ આ તપાસ ચાલી શકે તેમ છે. તીર્થક ગ્રુપના જીવરાજભાઈ ફુલતરીયાના નિવાસ્થાને પણ આઈટીની ટીમે દરોડા પાડ્યા છે. જીવરાજભાઈ ભૂતપૂર્વ સાંસદ મોહન કુંડારીયા સાથે સંબંધ પણ ધરાવે છે ત્યારે તેમના નિવાસ્થાનની સાથોસાથ તેમના ઓફિસ અને તેમના સલગ્ન લોકોને ત્યાં પણ આવકવેરા વિભાગ ની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. મોરબીના તીર્થક ગ્રુપની તમામ ઓફિસ , કારખાના તેમજ ગ્રુપના મુખ્ય સ્થાપક જીવરાજભાઈ ફુલતરિયાના રવાપર રોડ પર આવેલ ઘરમાં પણ આઈટી વિભાગના અધિકારીઓએ દરોડા પાડ્યા છે, ઘરમાં તપાસ હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં તીર્થક અને સોહમ પેપરને ત્યાં ઈન્કમટેક્સના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ધરતી સાકેત બિલ્ડર ત્યાં ઈંઝનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. વહેલી સવારથી ITના અધિકારીઓની અલગ-અલગ ટીમો દરોડામાં જોડાઈ હતી. ત્યારે આ રેડમાં મોટી માત્રામાં બેનામી નાણાકીય વ્યવહાર સામે આવે તેવી શક્યતા જોવા મળી છે. મહેસાણાના નામાંકિત રાધે ગ્રૂપ પર આવકવેરા વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હોવાના અહેવાલો વહેતા થયા છે. મળતી માહિતી મુજબ, રાધે ગ્રૂપના મહેન્દ્ર પટેલ અને તેમના ભાગીદારોને ત્યાં હાલ આ કાર્યવાહી ચાલી રહી છે. મોરબીમાં પેપર મિલ અને બાંધકામ સાથે સંકળાયેલા ગ્રૂપ પર આઈટીના દરોડા પાડવામાં આવ્યા છે. તીર્થક ગ્રુપ પર વહેલી સવારે IT વિભાગે દરોડા પાડ્યા. તીર્થક ગ્રુપની ઓફિસ અને કારખાનામાં તપાસ કરાઇ. તીર્થક ગ્રુપના મોભી જીવરાજ ફુલતરિયાના ઘરે પણ તપાસ કરાઇ. પોલીસ બંદોબસ્ત સાથે આઈટી વિભાગે દરોડા પાડ્યા છે. પ્રથમ દિવસથી તપાસના અંતે આવકવેરા વિભાગને બેનામી વ્યવહારો મળી આવ્યા છે સાથોસાથ આ સંલગ્ન પેઢી ધારકોના બેંક ખાતાને પણ હાલ સીઝ કરી દેવાયા છે ત્યારે આગામી ૨૪ કલાકની અંદર ખૂબ મોટા પ્રમાણમાં બેનામી સંપત્તિનો ખુબ મોટો આંકડો બહાર આવે તેવું આવકવેરા વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.




તીર્થક ગ્રુપના જીવરાજભાઈ ફુલતરીયાનું બહાર આવ્યું રાજકીય કનેક્શન

## ઘરેણા સહિતની અનેક ચીજ વસ્તુઓ આઈટીના હાથ લાગી

આવકવેરા વિભાગ દ્વારા જે દરોડા પાડવામાં આવ્યા છે તેમાં તપાસના પ્રથમ દિવસે જ ઘરેણા સહિતની અનેક ચીજ વસ્તુઓ મળી આવી છે એટલું જ નહીં આ તપાસ દરમિયાન રોકડ સહિતની અન્ય ચીજ વસ્તુઓ જે આવી તેનું હાલ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે એટલું જ નહીં જે ડિજિટલ ડેટા આવકવેરા વિભાગને હાથ લાગ્યા છે તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. માહિતી મુજબ આ સરચ ઓપરેશનમા અનેક નવા ધડાકા ભડાકા આવકવેરા વિભાગ કરે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

**સહિત અનેક ચીજ વસ્તુઓ તપાસના પ્રથમ દિવસે જ આવી બહાર : ડિજિટલ ડેટાની પણ તપાસ શરૂ**

### જેટલા દીધા એની સામે ત્રણ ગણા વધુ વસુલી લીધા પણ છતાંય ઉઘરાણી ચાલુ રાખી ત્રાસ ગુજાર્યો

# ધરાય ઇ બીજા: વ્યાજખોરોએ વેપારીને નિચોવી લીધો, છ સામે ગુનો નોંધાયો

### સાત લાખ દીધા તેની સામે એકવીસ લાખ ચુકવી દીધા હતાં તો પણ વધુ ઉઘરાણી ચાલુ રાખીઃ અંતે વેપારીએ લીધી પોલીસની મદદ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૩૦**

વ્યાજંકવાદની ઘટનાઓ અટકતી જ નથી. રોજબરોજ આ પ્રકારના બનાવો સતત બની રહ્યા છે. વધુ એક આવો બનાવ પોલીસ ચોપડે ચડ્યો છે. જેમાં બ્રાસપાર્ટના ધંધાર્થી એ ધંધાના વિકાસ માટે જરૂર પડતાં રૂપિયા બે લાખ વ્યાજે લીધા હતાં અને બાદમાં કટકે કટકે બીજા પાંચ લાખ મળી સાત લાખ લીધા હતાં. આ રકમ સામે તેણે અધધધ ત્રણ ગણા એટલે કે એકવીસ લાખ ચુકવી દીધા હતાં છતાં તેની પાસે વધુને વધુ વ્યાજ માંગી પરેશાન કરવામાં આવતાં અંતે પોલીસને જાણ કરતાં છ વ્યાજખોરોની ટોળકી સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી છે. બીજી તરફ પોલીસે વ્યાજખોરીમાં વપરાયેલા વાહનો શોધવા માટે ટેક્નોલોજીનો સફળ પ્રયોગ કર્યો હતો. ડ્રોનની મદદથી ગુનાખોરીમાં વપરાયેલા વાહનો શોધી કઢાયા હતાં.

ઘટના પર નજર કરીએ તો જામનગરના બ્રાસપાર્ટના એક વેપારી કેટલાક વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયા હતા અને જેણે સાત લાખ રૂપિયા વ્યાજે લીધા બાદ તેનું રાક્ષસી એકવીસ લાખ જેટલું વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં તમામ છ વ્યાજખોરો પઠાણી ઉઘરાણી કરતા હોવાથી તમામ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે. પોલીસે જાહેર કરેલી માહિતી અનુસાર જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮, કૃષ્ણ કોલોનીમાં પુષ્પમ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર ૩૦૩માં રહેતા અને બ્રાસપાર્ટનો વ્યવસાય કરતા રાજેશભાઈ નરશીભાઈ કણજારીયા નામના વેપારી યુવાને જામનગરના છ જેટલા વ્યાજખોરો સામે સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં ગેરકાયદે વ્યાજ વસુલી પઠાણી ઉઘરાણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગેની ફરિયાદ નોંધાવી છે. વેપારી યુવાને ગત માર્ચ મહિનામાં પોતાની ધંધાની જરૂરિયાત માટે સૌ-થમ અમિત બાબુભાઈ ભાનુશાલી નામના વ્યક્તિ પાસેથી બે લાખ રૂપિયા વ્યાજે લીધા હતા, જેનું અત્યાર સુધીમાં પાંચ લાખ ચાલીસ હજાર જેટલું વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં હજુ મુદ્દલ રકમની માંગણી કરી ધાક ધમકી અપાતી હતી. આ ઉપરાંત -કાશભાઈ ભાનુશાલી નામના વ્યક્તિ પાસેથી ૨,૭૫,૦૦૦ વ્યાજે લીધા પછી તેના બદલામાં છ લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા.

તેમજ વસંતભાઈ ભાનુશાળી પાસેથી એક લાખ રૂપિયા મેળવીને તેની સામે ત્રણ લાખ ૬૦ હજાર જેટલું વ્યાજ ચૂકવી આપ્યું હતું. આ ઉપરાંત શૈલેષભાઈ ઉર્ફે ભીખાભાઈ નામના વ્યક્તિ પાસેથી ૨૫,૦૦૦ રૂપિયા વ્યાજે લીધા બાદ તેનું ૩૨ હજાર રૂપિયા વ્યાજ ચૂકવ્યું હતું, જયારે રવિ મહાજન નામના વ્યક્તિ પાસેથી ૭૦,૦૦૦ રૂપિયા વ્યાજે લીધા બાદ તેનું ૪,૫૦,૦૦૦ જેટલું રાક્ષસી વ્યાજ ચૂકવી આપ્યું હતું, જયારે સુમિતભાઈ ચાંદ્રા પાસેથી ૩૦,૦૦૦ રૂપિયા વ્યાજે લીધા હતા, જેની સામે પણ ૧,૨૦,૦૦૦ જેટલું વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં તમામ વ્યક્તિઓ અવારનવાર મુદ્દલ રકમની માંગણી કરી હેરાન પરેશાન કરતા હોવાથી આખરે મામલો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો. જ્યાં પોલીસ હેડ કોન્સ્ટેબલ એલ. કે. જાદવે તમામ છ આરોપીઓ સામે આઇપીસી કલમ ૫૦૬-૨ તેમજ મનીલેન્ડર્સ એક્ટ કલમ ૫,૩૯,૪૦ અને ૪૨ મુજબ ગુન્હો નોંધ્યો હતો. તમામની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.


પોલીસે ટેકનોલોજીનો ઉપયોગ કરી વ્યાજંકવાદના ગુનામાં વપરાયેલા વાહનો શોધી કાઢ્યાઃ પ્રથમ જ વખત આવો પ્રયોગ થયો

બીજી તરફ સુરત ક્રાઇમ બ્રાન્ચે વ્યાજવટાવમાં જમા કરાયેલા વાહનોને શોધવા માટે પ્રથમવાર નવીન ટેકનોલોજી ડ્રોનનો ઉપયોગ કરીને સફળ કામગીરી હાથ ધરી છે. મહિધરપુરા વિસ્તારમાં રહેતા વ્યાજખોર સાબિર ગુલામ મુસ્તુફા શેખ દ્વારા વ્યાજવટાવમાં જમા કરાયેલા ૨ ફોરવ્હીલ ગાડી અને ૪ ટુ વ્હીલર વાહનોને ક્રાઇમ બ્રાન્ચે ડ્રોનની મદદથી શોધી કાઢ્યા હતાં. તેમજ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના સંદર્ભમાં આરોપી સાબિર શેખ પર ગુલામ ઇસ્માયલ શેખ નામના વ્યક્તિને વ્યાજના ત્રાસથી આપઘાત કરવા દુષ્પ્રેરિત કરવાના આરોપસર કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે આરોપી નાસતો ફરતો હતો. ક્રાઇમ બ્રાન્ચે વિશેષ તપાસ હાથ ધરી હતી અને આરોપીને મહેસાણા જિલ્લાના ઉનાવા ખાતે મીરા દાતાર દરગાહ પાસેથી ઝડપી પાડ્યો.

તેમજ તપાસ દરમિયાન, આરોપી સાબિર શેખની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેણે વ્યાજવટાવમાં લીધેલા વાહનો સુરતના કુબેરજી માર્કેટ વિસ્તારમાં સંતાડી રાખ્યા હતા. વાહનોનું સ્થળ સ્પષ્ટ કરવું મુશ્કેલ હોવાથી ક્રાઇમ બ્રાન્ચે ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો. ખાસ કામગીરીમાં ડ્રોનની મદદથી સમગ્ર વિસ્તારનું સત્તાવાર રીતે સર્વેલન્સ કરવામાં આવ્યું અને ફોરવ્હીલ તથા ટુ વ્હીલર વાહનો શોધવામાં આવ્યા હતાં. રાત્રિ દરમિયાન ડ્રોન ટેકનોલોજીની મદદથી શોધવામાં આવેલા તમામ વાહનો કાયદેસરની કાર્યવાહી બાદ મહિધરપુરા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. હાલ સમગ્ર મામલે તપાસ ચાલુ છે. આ પહેલીવાર છે કે સુરત ક્રાઇમ બ્રાન્ચે ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તપાસમાં સફળતા મેળવી છે. આ અભિગમ એ દર્શાવે છે કે આધુનિક સાધનોનો ઉપયોગ ગુનાખોરીને વધુ સારી રીતે ડિટેક્ટ અને નિયંત્રણમાં લાવવામાં મદદરૂપ થઈ શકે છે.

# ભારતીય માનક બ્યૂરો દ્વારા મનુભાઈ જ્વેલર્સમાં તપાસ

### હોલમાર્ક વિના વેચાણ કરાતું સોનું સીઝ : ક્વોલિટી કંટ્રોલ ઓર્ડરના ભંગ બદલ કરાઈ કાર્યવાહી



રાજકોટ, તા. ૨૯

ભારતીય માનક બ્યૂરોની રાજકોટ શાખા દ્વારા રાજકોટમાં પેલેસ રોડ પર પ્રહલાદ પ્લોટમાં ગોલ્ડન પેલેસમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મનુભાઈ જ્વેલર્સમાં તપાસ અને સીઝરની કાર્યવાહી કરવામાં આવી હતી.

બ્યૂરોની રાજકોટ શાખા દ્વારા જારી કરાયેલી યાદીમાં જણાવ્યા મુજબ, બી.આઈ.એસ.ની ટીમની તપાસમાં જ્વેલર્સની આ શાખામાં ૨૭મી નવેમ્બરે હોલમાર્ક વિના સોનું વેચાતું હોવાનું ધ્યાને આવ્યું હતું, જેનાથી હોલમાર્ક સાથે સોનાના દાગીના-સોનું વેચવા અંગેના ૨૦૨૦ના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડરનો ભંગ થતો હોવાથી હોલમાર્ક વિનાના સોનાને સીઝ કરવાની કાર્યવાહી કરાઈ હતી. બ્યૂરો દ્વારા હોલમાર્ક વિના વેચાણ માટે ડિસ્પ્લેમાં મુકાયેલી ૪૦.૦૭ ગ્રામ વજનની સોનાની નવ વિંટી અને ૩૨.૦૭ ગ્રામની સોનાની ચેઈન સીઝ કરાઈ છે.

ભારત સરકાર દ્વારા હોલમાર્ક અંગે જારી કરાયેલા આદેશ મુજબ, કોઈપણ વ્યક્તિ હોલમાર્ક તેમજ રજિસ્ટ્રેશન વિનાના સોનાના દાગીના-સોનાને આયાત, વિતરણ-વેચાણ, સંગ્રહ કે વેચાણ માટે પ્રદર્શિત કરી શકે નહીં.યાદીમાં જણાવ્યા મુજબ, હોલમાર્ક વિના કે નકલી હોલમાર્કવાળા સોના કે સોનાના દાગીનાનું મોટો નફો રળવા માટે વેચાણ કરાતું હોય છે. આથી ગ્રાહકોએ ખરીદી પહેલાં હોલમાર્કની સત્યતાની ખરાઈ કરવી જોઈએ. આ માટે બશત.લજ્ઞદ.શક્ષ અથવા તો બી.આઈ.એસ.ની એપની મદદ પણ લઈ શકાય છે. દરેક હોલમાર્કમાં એક યૂનિક ઇંઅઈઉ હોય છે. જેના આધારે હોલમાર્કની સત્યતાની ચકાસણી થઈ શકે છે.

જો કોઈ ઉત્પાદન પર હોલમાર્ક કે આઈ.એસ.આઈ. માર્કાના દુરુપયોગના કિસ્સા ગ્રાહકોના ધ્યાને આવે તો, સાયન્ટિસ્ટ ઈ અને હેડ, બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ, એફ.પી. નં.૩૬૪૫/પી, વોર્ડ નં.૧૩, કાલાવડ રોડ, રાજકોટને અપીલ કરવામાં આવી શકે છે જે અંગેની જાણકારી ગુપ્ત રાખવામાં આવશે, તેમ પારિજાત શુક્લા, (સાયન્ટિસ્ટ ઈ એન્ડ હેડ) એ જણાવ્યું હતું.



# ઘેલા સોમનાથ ખાતે રાજકોટ જિલ્લાની ચિંતન શિબિર

### ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં જ યોજાય તેવી સંભાવના : પ્રવાસન સ્થળોને વિકસાવવા સહિતના મુદ્દે થશે ચર્ચા વિચારણા

રાજકોટ, તા. ૨૯

ગુજરાત રાજયની અધિકારીઓની ચિંતન શિબિર સોમનાથમાં યોજાય હતી ત્યારે હવે રાજકોટ જિલ્લા દ્વારા ડિસેમ્બર મહિનામાં ઘેલા સોમનાથ ખાતે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજકોટ જિલ્લાના વિકાસ અંગે ચિંતન કરવામાં આવશે એટલું જ નહીં પ્રવાસન સ્થળોના વિકાસને કઈ રીતે વેગ આપી શકાય બીજી તરફ જે પણ પ્રવાસન સ્થળો છે તેની સાફ-સફાઈ કઈ રીતે થાય અને નવા પ્રવાસન સ્થળો કેવી રીતે વિકસાવી શકાય આ તમામ મુદ્દાઓને હાલ ધ્યાને લેવામાં આવશે.

રાજકોટ જિલ્લા કલેકટર વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જે ચિંતન શિબિર ઘેલા સોમનાથ ખાતે યોજાશે તેમાં મામલતદાર, પ્રાંત અધિકારી તેમજ વિવિધ વિભાગોના સરકારી અધિકારીઓ હાજર રહેશે એટલું જ નહીં આ શિબિરમાં અધિકારીઓની કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવશે તેમ જ રાજ્ય સરકારની યોજનાઓ સહિત વિકાસના વિવિધ પ્રશ્નો અંગે પણ મંત્રણા હાથ ધરાશે. મળતી માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી રાજકોટ જિલ્લાની ચિંતન શિબિર યોજાવા જઈ રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા યાત્રાધામ સોમનાથમાં રાજ્યભરના કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તથા આઈપીએસ અધિકારીઓની ચિંતન શિબિર યોજાઈ હતી. જે બેઠકમાં રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા પ્રવાસન સ્થળોના વિકાસ અંગેનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો ત્યારે રાજકોટ જિલ્લા કલેક્ટર ના પ્રવાસન સ્થળોના વિકાસ અંગેના પ્રોજેક્ટની રાજ્યભરમાં અમલવારી કરવા માટે કલેક્ટરોને સૂચના પણ આપવામાં આવી હતી.

ડિસેમ્બર મહિનામાં જે રાજકોટ જિલ્લાની ચિંતન શિબિર યોજાશે બેઠકમાં જિલ્લાના પ્રવાસન સ્થળો ના વિકાસ અને સ્વચ્છતા અંગે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને તે ઉપર જ ભાર મૂકવામાં આવનાર હોવાનું હાલ જાણવા મળ્યું છે પરંતુ આ અંગે હજુ સુધી જિલ્લા કલેક્ટર દ્વારા કોઈ નક્કર વાત કરવામાં આવી નથી.

# પ્રતિબંધિત પ્લાસ્ટિકનો મોહ વેપારીઓમાં જતો નથી

### મનપાએ ૮૨ આસામીઓ પાસેથી આશરે ૨.૭૫ કિલો જથ્થો કર્યો જપ્તઃ ગંદકી કરતા લોકોને ૧૯,૨૦૦ નો ફટકારાયો દંડ



રાજકોટ, તા. ૨૯

હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરીને જોતા એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે હજુ રાજકોટ શહેરમાં જે વેપારીઓ વેપાર કરે છે તેમને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ કરવાનો મોહ જતો નથી કારણ કે સોલિડ્વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ડ્રાઇવમાં ગઈકાલે આશરે પોણા ત્રણ કિલો જથ્થો જટ કરવામાં આવ્યો હતો અને ગંદકી કરતા લોકોને ૧૯,૨૦૦નો દંડ પણ ફટકારવામાં આવ્યો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૨ આસામીઓ પાસેથી ૨.૬૬ કી. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૯૨૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૦.૬૮ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૩૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૧.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૬૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૪ આસામીઓ પાસેથી ૦.૪૮ કિ. ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૨૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં કામગીરી કરવામાં આવી.

# રાજકોટ મનપા દ્વારા સીટી બ્યુટીફિકેશનની કામગીરી પૂરજોશમાં

### શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર રાજકોટના આંગણે : શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફીલ્ડ વિઝિટ કરી કામગીરી અંગે માહિતી મેળવી

રાજકોટ, તા. ૨૯

ગુજરાત સરકાર દ્વારા હાથ ધરાયેલ સીટી બ્યુટીફીકેશન ઝુંબેશ અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં વિવિધ શાખા દ્વારા જુદાજુદા વિસ્તાર અને રોડ પર બ્યુટીફિકેશનની કામગીરી ચાલી રહી છે. જેમાં ત્રણેય ઝોનમાં વોર્ડ વાઈઝ ટીમો બનાવી રોડની સઘન સાફ-સફાઈ, ફૂટપાથ રીપેરીંગ, ડીવાઈર રીપેરીંગ, વોલ પેઇન્ટિંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા/ઝીબ્રા ક્રોસીંગ, પ્લાન્ટેશન, શહેરના એન્ટ્રી-એક્ઝીટ સર્કલ ડેકોરેશન, રોડ ડીવાઈડર કલરકામ, વેક્યુમ મશીનથી મેઈન રોડ પર રાત્રી સફાઈ સહીતની કામગીરી કરવામાં આવી રહી છે. દરમ્યાન ગઈકાલે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થતી સિટી બ્યુટીફિકેશનની કામગીરી નિહાળી હતી.

અશ્વિની કુમારે શહેરના અલગ-અલગ વિસ્તાર જેવા કે, માલવીયા ચોક, યાજ્ઞિક રોડ, આમ્રપાલી અન્ડરબ્રિજ, કોટેચા ચોક, ૧૫૦ ફટ રિંગ રોડ પરનો બી.આર.ટી.એસ. રૂટ, ગ્રીનલેન્ડ ચોકડી વગેરે સ્થળની ફીલ્ડ વિઝિટ કરી કામગીરી અંગે માહિતી મેળવી હતી તેમજ કેટલાક સુચનો પણ કર્યા હતા. આ પ્રસંગે અશ્વિની કુમાર સાથે રાજકોટ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ સ્વપિનલ ખરે, ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સિટી એન્જિનિયર પી.ડી.અઢીયા, અતુલ રાવલ, કુંતેશ મેતા, એમ. આર. શ્રીવાસ્તવ, કે.પી.દેથરીયા, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા વગેરે અધિકારીઓ હાજર રહ્યા હતા.



શહેરના ઝોન વાઈઝ મેઈન રોડ પર બાંધકામ શાખા દ્વારા ફૂટપાથ રીપેરીંગ, ડીવાઈર રીપેરીંગ, વોલ પેઇન્ટિંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા/ઝીબ્રા ક્રોસીંગ જેવી કામગીરી કરવામાં આવે છે. શહેરમાં આવેલ અન્ડરબ્રિજ/ઓવરબ્રિજની વોલ પર વિવિધ થીમ બેઇઝ પેઇન્ટિંગ કરવામાં આવે છે. બી.આર.ટી.એસ. રૂટ પર રેલીંગને પ્રાઈમર કલર કામ કરવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ત્રણેય ઝોનમાં સીટી બ્યુટીફીકેશન અન્વયે મેઈન રોડની સાફ-સફાઈની કામગીરી કરવામાં આવેલ છે. ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખા દ્વારા ડીવાઈડરને કલરકામ અને થર્મોપ્લાસ્ટ વડે રસ્તા પર સાઈડમાં સફેદ પટ્ટા તેમજ ઝીબ્રા ક્રોસીંગના સફેદ પટ્ટાની કામગીરી કરવામાં આવે છે.

ગાર્ડન શાખા દ્વારા સીટી બ્યુટીફીકેશન અન્વયે ડીવાઈડરના છોડનું કટિંગ કામ, રોડ ડીવાઈડર સફાઈ કામ, પાણી આપવાનું કામ, ઝાડની નડતરરૂપ ડાળીઓના કટિંગ કામ વગેરે કરવામાં આવે છે. રોશની શાખા દ્વારા શહેરના મેઈન રોડ અને ગાર્ડનમાં રહેલ સ્ટ્રીટ લાઈટના પોલને કલરકામ કરવાની કામગીરી કરવામાં આવે છે.

રંગીલા રાજકોટની છબી બદલાવવા માટે હાલ રાજ્ય સરકાર દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તે મુજબ જ અત્યારે મહાનગરપાલિકા રાજકોટ સીટી ને રંગીન બનાવવા માટેના તમામ પગલાંઓ લઈ રહી છે ત્યારે આ કાર્યક્રમમાં કોઈપણ કમી ન રહી જાય તે માટે હાલ તમામ પગલાંઓ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવી રહ્યા છે અને રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર પણ આ મુદ્દે રાજકોટ દોડી આવ્યા હતા.

### ઠંડીના ચમકારા સાથે તસ્કરીમાં ગરમાવોઃ વધુ ત્રણ 'કામગીરી' ચોરટાઓએ પોલીસ સ્ટેશનોમાં પોતાના નામે કરી

# લગ્નમાંથી કન્યાદાનના દાગીના છૂઃ બે મકાનમાંથી બાવીસ લાખ ગયા

### ઠેકઠેકાણે વધી ગયેલી ચોરીઓની ઘટના અટકાવવા પોલીસને નાઇટ પેટ્રોલીંગ વધારવું પડે તેની સ્થિતિ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૯**

ઠંડી ધીમે ધીમે જોર પકડી રહી છે તે સાથે તસ્કરો પણ પોતાની કામગીરીમાં ગરમાવો લાવી રહ્યા છે. રાજકોટ સહિત રાજ્યભરમાં ચોરીના બનાવો વધવા માંડ્યા છે. ચોરીની વધુ કેટલીક ઘટનાઓ સામે છે. લગ્ન પ્રસંગોમાં ત્રાટકતી ચોર ટોળ-કી પણ સક્રિય થઇ ગઇ છે. એક લગ્નપ્રસંગમાં તસ્કરો પાર્ટી પ્લોટમાં મહેમાનના સ્વાંગમાં કે પછી કોઇપણ રીતે ઘુસી જઇ કન્યાદાનમાં આપવાના સોનાના દાગીના ચોરી ગયા હતાં. બીજી તરફ એક મકાનમાં ત્રાટકેલા તસ્કરો સોળ લાખથી વધુની માલમત્તા ઉસેડી ગયા હતાં. તો ત્રીજા બનાવમાં એક ઘરમાંથી છ લાખની ચોરી થઇ હતી.

ચોરટાઓના પરાક્રમોની પહેલી ઘટના પર નજર કરીએ તો અમરેલીમા એક પાર્ટી પ્લોટમા લગ્ન સમારોહ દરમિયાન કન્યાની માતાએ પગ પાસે મુકેલી ઘરેણા ભરેલી થેલી કોઇ તસ્કર ચોરી જતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. વર કન્યાના લગ્ન ચાલુ હતા તે વખતે કન્યાદાનમા આપવાના દાગીનાની ચોરીની આ ઘટના સાંજે સાડા આઠેક વાગ્યાના સુમારે ગણેશ પાર્ટી પ્લોટ ખાતે બની હતી. મળતી વિગત મજુબ, અમરેલીમા કેરીયા-રોડ પર હરીધામ સોસાયટીમા રહેતા રાજેશભાઇ હરીભાઇ રેણુકાની પુત્રી અંજલીના લગ્ન લેવાયા હતા. અને મોરબીથી જાન આવી હતી. તે સમયે રેણુકા પરિવારે દીકરીને કન્યાદાનમા આપવાનુ ત્રણ તોલાનો સોનાનો સેટ અને ૧.૪૦ તોલાનો સોનાનો ચેઇન ઉપરાંત ચાંદીનો કંદોરો, ગાય, તુલસી, ગણપતિ વિગેરે મળી ૨.૬૩ લાખના દાગીના એક થેલામા રાખ્યા હતા.

લગ્નની વિધી આગળ વધી રહી હતી તે વખતે કન્યાના માતા જયારે દાગીના ભરેલી થેલી પોતાના પગ પાસે રાખીને મંડપમા ઉભા હતા. તે સમયે કોઇ અજાણ્યા શખ્સે તેમના પગ પાસેથી દાગીના ભરેલી આ થેલી સેરવી લીધી હતી અને નાસી ગયો હતો. જે અંગે આખરે આજે રાજેશભાઇ રેણુકાએ તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. અગાઉ પણ આ પ્રકારે લગ્ન પ્રસંગમાં ત્રાટકી તસ્કર ગેંગ દાગીના, ચાંદલ-ામાં આવેલી રોકડ સહિતની માલમત્તા ચોરી ગયા હતાં. આ પ્રકારની ચોરી કરતી ગેંગ અન્ય રાજ્યમાંથી આવે છે અને આવી ચોરીમાં ગેંગ સાથે બાળકોનો પણ ઉપયોગ કરવામાં આવતો હોય છે.



ચોરીની બીજી ઘટના પર નજર કરીએ તો ભરૂચના વાગરા તાલુકાના સુતરેલ ગામે તસ્કરોએ તરખાટ મચાવી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ મામલે મકાન માલિકે રૂ.૧૬.૧૩ લા-ખની મત્તાની ચોરીની ફરિયાદ નોંધાવી છે. વાગરા પોલીસે ફરિયાદ નોંધી તસ્કરોનું પગેરું શોધવાની કવાયત હાથ ધરી હતી. વાગરાની પોસ્ટ ઓફીસ બાદ સુતરેલ ગામે તસ્કરોએ કરતબ અજમાવ્યો હતો. વાગરા તાલુકામાં આવેલા સુતરેલ ગામે ખડકી ફળીયા વિસ્તારમાં રહેતા યોગેશચંદ્ર ઉર્ફે રમેશભાઈ ગોવિંદભાઈ પટેલનાઓ પોતાના મકાનને બંધ કરી સામાજિક કામ અર્થે કરજણ તાલુકાના ગણપતપુરા ખાતે ગયા હતા. તેઓપ્રસંગ પૂર્ણ કરી ભરૂચ સબંધીને ત્યાં જઈને રાત્રી રોકાણ કર્યું હતું. ત્યારબાદ તેઓ ૨૭મી નવેમ્બરના રોજ સવારે ૬ વાગ્યે તેમના મોબાઈલ ફોનમાં સીસીટીવી કેમેરા ચેક કરતા એક કેમેરો બંધ જણાયો હતો. તેમજ ઘરના આગળના દરવાજાનું તાળું તૂટેલું જણાયું હતું.

ત્યારબાદ તેમણે સીસીટીવી કેમેરા રેકોર્ડિંગ રિવર્સ કરી જોતા રાત્રીના સાડા ત્રણ વાગ્યાના સમયે ત્રણ અજાણ્યા ચોર તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. જે બાદ અંદાજીત ચાર વાગ્યે ઘરની બહાર નીકળતા નજરે પડ્યા હતા. જેથી ફરિયાદીએ પાડોશીને જાણ કરી ચેક કરવા જણાવ્યું હતું. જે બાદ તેઓ તાત્કાલિક પોતાના ઘરે સુતરેલ દોડ-ી આવી મકાનમાં તપાસ કરતા ઘરના રસોડાના ભાગે મુકેલા બંને તિજોરીના દરવાજા ખુલ્લા હતા અને સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. જેમાં સોનાનો હાર, વીંટી, બુટ્ટી, ચેઇન, સોનાના તાર ચઢાવેલી બંગડી, તેમજ ચાંદીના જુડા,સાંકડા, ચાંદીના સિક્કા સહિત રોકડા ૮૦૦૦ મળી કુલ સોળ લાખ તેર હજારના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું માલુમ પડતા તેઓએ વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘ્ઘ્વ્ ફૂટેજ મેળવી ચોરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતાં.

ત્રીજા બનાવમાં વગડોદરાના તરસાલીના મંગલદીપ એપાર્ટમેન્ટમાં તસ્કરોએ બે મકાનોના તાળાં તોડીને એક મકાનમાંથી ૧૩ તોલા સોનાના દાગીના અને બીજા મકાનમાંથી રૂ.૪ હજાર રોકડા મળીને રૂ.૬.૧૧ લાખની મત્તા ચોરી કરી હતી. વડસર રોડ પરની વસંત વિહાર સોસાય-ટીમાં પણ બે મકાનોના તાળાં તૂટયા હતા પણ કોઈ પણ વસ્તુઓ ન મળતા તસ્કરો ખાલી હાથે પરત ફર્યાં હતાં. તરસાલીના મંગલદીપ એપાર્ટમેન્ટમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા બીનુ મોહનન ઠેક્કાટીલ નોકરી પર હતાં. પત્નિ સ્કૂલ ટીચર હોવાથી સવારના ૭ થી બપોરના ૧ વાગ્યા સુધી નોકરી પર હતાં. જ્યારે સંતાનો સ્કુલમાં જતા મકાનને તાળું મારેલું હતું. દરમિયાન બપોરે સવા બાર વાગે પાડોશીએ ફોન કરીને ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું જણાવ્યું હતું. જેથી મકાનમાલિકે ઘેર જઇને જોતાં ઘરના દરવાજા આગળની લોખંડની જાળીનું તાળું તૂટેલી હાલતમાં દાદર ઉપર પડેલું હતું. ઘરની અંદરની રૂમમાં બે લાકડાની તિજોરીનું લોકર ખુલ્લું હતું. જેમાંથી તસ્કરો ૧૩ તોલા દાગીના કુલ રૂ.૬.૧૧ લાખની મત્તા ચોરી થઈ હોવાનું જણાયું હતું. આમ તસ્કરોએ પોતાની વધુ ત્રણ કામગીરીની પોલીસ સ્ટેશનોમાં નોંધ કરાવી દીધી હતી.

### BCCIની સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪-૨૫ ટ૨૦ ટૂર્નામેન્ટ

# સૌરાષ્ટ્રના સાવજો ઝળક્યાઃ ઉતરાખંડને ૪૩ રન એ આપી મ્હાત

### પ્રેરક માંકડને પ્લેયર ઓફ ધ મેચ : સૌરાષ્ટ્રની ટીમ ગ્રુપ બીમાં છે અને તે ટુર્નામેન્ટની લીગ મેચો ઈન્દોરમાં રમશે

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર વિ ઉત્તરાખંડ વચ્ચેની લીગ મેચ એમરાલ્ડ હાઈટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ ગ્રાઉન્ડ, ઈન્દોર ખાતે રમાઈ હતી. જેમાં ઉત્તરાખંડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કર-વાનો નિર્ણય કર્યો હતો. સૌરાષ્ટ્રે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૮૬ રન બનાવ્યા હતા. પ્રેરક માંકડે ૩૫ બોલ-માં ૩ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૪ રન બનાવ્યા હતા. હાર્વિક દેસાઈએ ૨૯ બોલમાં ૮ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૪૧ રન બનાવ્યા હતા. વિશ્વ-રાજસિંહ જાડેજાએ ૨૦ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૩૨ રન બનાવ્યા હતા. મધવાલ એ ૪ ઓવરમાં ૩૨ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી.

ઉત્તરાખંડે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમ-ાવીને ૧૪૩ રન બનાવ્યા હતા. સ્વપિનલ સિંહે ૨૪ બોલમાં ૪ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ ૪૪ રન બનાવ્યા હતા. સમર્થ આર એ ૨૧ બોલમાં ૨૫ રન બનાવ્યા હતા. હિમાંશુ બિષ્ટે અણનમ ૧૫ રન બનાવ્યા હતા. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ૨ વિકેટ લીધી હતી. જયદેવ ઉનડકટ, અંકુર પંવાર, ચિરાગ જાની અને પ્રેરક માંકડે ૧-૧ વિકેટ લીધી હતી.

**સૌરાષ્ટ્ર XI**

- જયદેવ ઉનડકટ– કેપ્ટન
- ધર્મેન્દ્રસિંહ જાડેજા
- હાર્વિક દેસાઈ–વિકેટકીપર
- ચિરાગ જાની
- તરંગ ગોહેલ
- જય ગોહિલ
- પ્રેરક માંકડ
- વિશ્વરાજસિંહ જાડેજા
- સમર ગજ્જર
- અંકુર પંવાર
- રૂચિત આહિર






**ઉત્તરાખંડ XI**

- માધવાલ એ – કેપ્ટન
- અવનીશ સુધા
- યુવરાજ ચૌધરી
- સમર્થ આર
- સંસ્કાર રાવત
- આદિત્ય તારે–વિકેટકીપર
- સ્વપિનલ સિંહ
- અખિલસિંહ રાવત
- હિમાંશુ બિષ્ટ
- અગ્રીમ તિવારી
- રાજન



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ગૌરક્ષકોના ઉજાગરા અધિકારીઓ આરામમાં

## ગૌભક્તોની વોચથી ગૌમાસ પકડાયું : તંત્ર શું કરે છે?



સૌરાષ્ટ્રમાં લગભગ દરેક ગામોમાં રહસ્યમય પ્રવૃત્તિ ચાલે છે. ગુન્હાખોરો નિર્ભય જેવા બની ગયા છે. આ સામે તંત્રની કોઈ રણનીતિ દેખાતી નથી. ધાર્મિક વિવાદો સર્જાય તેવી પ્રવૃત્તિ અમુક તત્વો કરી રહ્યા છે. મોટા કોમી ભડાકા થાય તે પૂર્વે જ તંત્રએ ઊંઘમાંથી જાગવું જરૂરી છે.

હિંદુ સમાજમાં ગાયને માતાનું બિરુદ અપાયું છે. ગૌમાતા સાથે પ્રાચીન પરંપરાથી ધાર્મિક લાગણી જોડાયેલી છે. ગૌવંશ તરફી કાયદા પણ બન્યા છે. અમુક વિધર્મી આવા સંવેદનશીલ મુદ્દાને છંછેડીને અવારનવાર વિવાદો તણખા સર્જી રહ્યા છે. આવા મામલામાં અધિકારીઓ કે તંત્ર જરા પણ ગંભીર દેખાતા નથી.

પ્રાપ્ત થયેલા સમાચાર પ્રમાણે વાંકાનેરથી રાજકોટ તરફ આવી રહેલું ૨૦૦ કિલો ગૌમાંસ ઝડપી લેવાયું છે. ગૌમાંસ પ્રતિબંધિત છે, છતાં વિધર્મી તત્વો આ પ્રતિબંધનો ભંગ કરીને વારંવાર ધાર્મિક લાગણીને સળી કરી રહ્યા છે. ૨૦૦ કિલો ગૌમાંસની ઘટનામાં ઊંડા ઉતરો તો ખ્યાલ આવશે કે ગૌરક્ષક કાર્યકરો દ્વારા અપાયેલી માહિતીથી રાજકોટ પોલીસે ગૌમાંસ ઝડપ્યું છે.

આ ઘટના અનેક સવાલો સર્જે છે. કાયદાનું પાલન પોલીસ તંત્રએ કરવાનું છે કે, લોકોએ ? ગૌરક્ષકો ગામે-ગામ ઉજાગરા કરીને વોચ રાખે છે અને ઘણા સ્થાને વિધર્મીઓના હુમલા પણ સહન કરે છે. કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ અધિકારીઓને પાવર આપવામાં આવ્યા છે. તેમની ફરજમાં પણ આવે છે, છતા ગૌરક્ષકોએ ઉજાગરા કરવા પડે એ તંત્ર માટે શરમજનક ગણાય. આ સ્થિતિના કારણે ઘણી વખત ગૌરક્ષાના નામે લેભાગું તત્વો પણ સક્રિય બની જાય છે.

તંત્ર શુધ્ધવૃતિ સાથે નક્કર નેટવર્ક ગોઠવીને ગૌમાંસના ધંધા કરનારા પર તૂટી પડીને ધાક જમાવે તો ગૌરક્ષાની જરૂર નથી. પોલીસને આવું સુજતુ નથી તેથી લોકોએ જ ગુન્હાહિત તત્વોને ઝડપવા પડે છે.

વાંકાનેરથી રાજકોટ આવી રહેલા ગૌમાંસને ઝડપીને તંત્ર-અધિકારીઓ પ્રસિધ્ધી ખુબ લે છે, પરંતુ સવાલ એ ઉઠે છે કે, આવા કેસમાં તંત્ર કેમ ઊંડું ઉતરતું નથી ? ગૌમાંસ ભરેલ એક મોટરકાર સાથે એક ટાબરિયું પકડાયું છે, એ મોટેભાગે ડ્રાઈવર હોય છે, ગુન્હા પાછળ રહેલા મોટા માથા સુધી પહોચાડવાની તંત્રની વૃતિ જ હોતી નથી. આ ઉપરાંત જ્યાં ગૌમાતા કપાઈ હોય તે વિસ્તારનું તંત્ર પણ અંધારામાં હતું કે, સેટિંગમાં ? આ પ્રશ્નોનો પણ પર્દાફાસ થવો જોઈએ.

જોકે પ્રસિદ્ધિ લેનારું તંત્ર મોટાભાગના ગુન્હામાં ઊંડું ઉતરતું નથી. આ કારણે પડદા પાછળના મોટા માથા છટકી જાય છે અને ગુન્હા અટકતા નથી. ગૌમાંસ જેવા અતિ સંવેદનશીલ મુદ્દે તો અધિકારીઓ આરામ જ ફરમાવતા હોય તેમ લાગે છે. ગૌરક્ષકો ઉજાગરા કરીને વોચ રાખે, બાતમી આપે ત્યારે જાગે છે અને ટાબરિયાને પકડીને ફરી સુઈ જાય છે. આ સ્થિતિથી મોટા ભડકા સર્જાય સકે છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# મહારાષ્ટ્રમાં ભાજપની જીત પાછળ RSSની મહેનત કારણભૂત

## સંઘ દ્વારા જે રીતે મહારાષ્ટ્રમાં પ્રચાર થયો એ મેનેજમેન્ટ સ્ટડી કેસ છે. પણ નારાજ સંઘ આટલો સક્રિય કેમ થયો એ પ્રશ્ન પણ મહત્વનો છે. શું આ કોઈ પૂર્વ તૈયારીનો ભાગ છે? આવો સમજીએ






મહારાષ્ટ્રમાં ભાજપ અને સાથી પક્ષોને મળેલી જીત પાછળ શું કારણો રહ્યા એનું વિશ્લેષણ થયા કરશે. પણ સૌથી મહત્વનું કામ આર એસ એસ દ્વારા થયું છે. લોકસભામાં સંઘ ભાજપના પ્રચારથી દૂર રહ્યો અને એના પરિણામો ભાજપે ભોગવવા પડ્યા, બેઠકો ઘટીને ૨૪૦ થઇ. એનું કારણ ભાજપના પ્રમુખ જે.પી. નડાનું નિવેદન જવાબદાર હતું. પણ એ પછી જે બન્યું છે એની વાત કરવી છે.

લોકસભાના પરિણામો બાદ ભાજપ અને સંઘ વચ્ચે બેઠકો થઇ અને સંઘનું તંત્ર ફરી સક્રિય થયું. હરિયાણામાં એના પરિણામો મળ્યા અને હવે મહારાષ્ટ્રમાં મળ્યા છે. આ પાછળ કારણો શું છે? સંઘ ભાજપ માટે ફરી સક્રિય કેમ થયો? સંઘ કઈ રીતે કામ કરે છે એ જાણવા જેવું છે. મોદી-શાહની જોડીની કામ કરવાની પદ્ધતિથી સંઘ નારાજ છે અને મોહન ભાગવત આ મુદ્દે સાંકેતિક રીતે નિવેદન આપતા રહ્યા એ જાણીતી વાત છે. અને સંઘ સક્રિય ના હોય તો શું થાય છે એ પણ બધાએ જોયું. પણ હવે સંઘ સક્રિય બન્યું છે.

નરેન્દ્ર મોદી ૭૫ વર્ષના થવા જઈ રહ્યા છે. અને ભાજપમાં નિયમ છે કે, ૭૫ વર્ષે નિવૃત થવું. મોદી નિવૃત થશે કે નહિ એ આપણને ખબર નથી. પણ સંઘ આ માટે તૈયારી કરી રહ્યો છે એવા અહેવાલો છે. તમે જુઓ કે દેવેન્દ્ર ફડણવીસ માટે સંઘ રાજી છે. મતદાન પૂરું થયું કે તુરંત દેવેન્દ્રે મોહન ભાગવતને ફોન કરેલો અને પરિણામ બાદ નીતિન ગડકરીએ દેવેન્દ્રને અભિનંદન આપ્યા હતા. આ અહેવાલ ઘણું મહત્વ ધરાવે છે. એમ સમજવામાં આવે છે કે, દેવેન્દ્રની પસંદગી સંઘની છે. અને સંઘ એમને મોદી શાહથી અલગ પાડવા માગે છે. આ વાતમાં કેટલું સત્ય છે એ કહેવું મુશ્કેલ છે. મોદી અને શાહ નાગપુર ગયા ત્યારે અમુક મહત્વની જગ્યાએ તેઓ ગયા નહોતા એનાથી પણ સંઘ નારાજ હતો. અને આમે ય સંઘ ભાજપની નીતિ રીતીથી નારાજ હતો. ખાસ કરીને અન્ય પક્ષોનાં ભ્રષ્ટ નેતાઓને ભાજપે પક્ષમાં સમાવ્યા એ નીતિરીતી સંઘને ગમી નહોતી.

પણ ભાજપ અને સંઘની બેઠકો થયા પછી સંઘે જે નેટવર્ક મહારાષ્ટ્રમાં ગોઠવ્યું એ અદભુત રહ્યું. એમાં સંઘના સહસરકાર્યવાહ અતુલ લીમયે અને શિવપ્રકાશ દ્વારા વિશેષ મહેનત અને ગોઠવણ થઈ. અને આ ગોઠવણ અને કાર્ય પદ્ધતિ એ મેનેજમેન્ટ સ્ટડી કેસ તરીકે અભ્યાસ કરવા જેવો છે.

સંઘના જુદા જુદા ૩૬ સંગઠનો છે એ બધાને મહારાષ્ટ્રમાં કામે લગાડાયા હતા. અને મહારાષ્ટ્રનાં જ નહિ પણ એમપી, છતીસગઢ, યુપી, ગુજરાત, રાજસ્થાન, તેલગણા વિગેરે રાજ્યોના સંઘના કાર્યકર્તાઓ મહારાષ્ટ્રમાં ઉતારાયા હતા. ભાજપ પણ આ જ રીતે આયોજન કરતો આવ્યો છે. સંઘના સ્વયસેવકને બે ઘરની જવાબદારી સોંપવામાં આવી હતી. અને આ કાર્યકર્તા કઈ રીતે કામ કરતા હતા એ સમજવા જેવું છે. આ કાર્યકર્તા ઘેર ઘેર જાય અને એમને પહેલા તમે મતદાન અવશ્ય કરજો એ માટે આગ્રહ કરે. પછી સનાતન, હિંદુ ધર્મ અને રાષ્ટ્રવાદની વાત કરે. અને મતદારને ગળે ઘૂંટડો ના ઉતરે ત્યાં સુધી સમજાવતા રહે. અને આ સમય દરમિયાન જે તે ઘરમાં એ ચા પણ ના પીવે અને ફોટો પણ ના પડાવે. કામ પૂરું થાય પછી જ એ ઘર છોડે. આ રીતે કામ થયું અને એનું પ્રોઈનામ મળ્યું છે.

દરેક જીલ્લામાં ૨૫ થી ૩૦ હજાર બેઠકો પણ સંઘે કરી હતી. અરવિંદ કેજરીવાલ આપ દ્વારા દિલ્હીમાં મહોલ્લા બેઠકો જેમ થઇ હતી એમ સંઘ દ્વારા પણ બેઠકો થઈ. અલબત આ પદ્ધતિએ વર્ષોથી ભાજપ અને સંઘમાં કામ થાય છે. સંઘના એક ભાગ લોક જાગરણ મંચ દ્વારા દરેક જીલ્લામાં ૨૦૦-૨૦૦ લોકોની ટીમ બનાવાઈ હતી. અને આ બધું કોઈ હોહા વિના થયું. મિડીયાથી આ પ્રચારને દૂર રાખવામાં આવ્યો હતો. સંઘની આ વિશિષ્ટ શૈલી છે. અને એનાથી લોકો બહુ અવગત નથી. વિશ્વ હિંદુ પરિષદ, મઝદૂર સંઘ, એબીવીપી, સેવિકા, દુર્ગા, માતૃ સમિતિ અને વનવાસી આશ્રમ જેવી સંઘની બધી શાખાઓ દ્વારા પ્રચાર કાર્ય જુદી જુદી રીતે થયું.

બીજી બાજુ, નીતિન ગડકરી પણ આ વેળા પ્રચારમાં એકદમ સક્રિય હતા. સંઘ એમને જુદી જ કક્ષાએ ઈચ્છે છે. અત્યારે તો ગડકરી મોદી સરકારનાં સૌથી કામઢા મંત્રી ગણાય છે. એમને સંઘ મોદીના અનુગામી તરીકે પણ જુએ છે. એમ તો યોગી આદિત્યનાથ પણ આ રેસમાં છે. પણ મહત્વની વાત એ છે કે, મહારાષ્ટ્રમાં ભાજપ અને સાથી પક્ષો વિરુદ્ધ ઘણા બધા મુદા હતા. જે રીતે શિંદે અને અજીત પવાર સાથે જોડાણ કર્યું, ભ્રષ્ટ નેતાઓને સમાવ્યા, મરાઠા અનામત આંદોલન જેવા મુદાઓને હાંસિયામાં ધકેલી દેવામાં સફળતા મળી એ માટે સંઘ ઘણા ખરા અંશે જવાબદાર છે. અનુસુચિત જાતિઓની વર્ચસવાળી બેઠકો પર ભાજપનો વિજય પણ નોંધપાત્ર છે.

સંઘને ૧૦૦ વર્ષ થઇ રહ્યા છે અને સંઘનું કાર્ય આખા ભારત જ નહિ પણ વિદેશમાં પણ છે. ભાજપ અને સંઘના સંબંધો વિશિષ્ટ રહ્યા છે. સંઘે ભાજપને અનેક કાર્યકર્તાઓ અને ને નેતાઓ તૈયાર કરીને આપ્યા છે. અને ભાજપનો મૂલાધાર છે. અલબત મોદીએ એમાં બદલાવ કર્યો છે. અને એ કારણે કેટલીક સમસ્યાઓ અને પ્રશ્નો સર્જાયા છે. અને મોદી કદાચ નિવૃત્તિ લે તો એ માટે સંઘ અત્યારથી તૈયારી કરી રહ્યો છે અને એની શ્રોઆત કદાચ મહારાષ્ટ્રથી થઇ છે.

### મિત્રતા અને પ્રેમના નામે ફસાવવાના કિસ્સાઓમાં વધુ એક લાલબત્તી સમાન ઘટના આવી સામે

# લવ સેક્સ ધોખાઃ પ્રેમિકાનો વારંવાર દેહ પીંખ્યો પછી પ્રેમીએ તરછોડી

## ગર્ભ રહી જતાં લેભાગુએ મિત્રની મદદ લઇ પ્રેમિકાને ગર્ભપાત કરાવી લેવા ધમકીઓ પણ દીધીઃ માતાએ કહ્યું-મારો દિકરો આવુ કરે જ નહિઃ પોલીસે કાયદાના પાઠ ભણાવ્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૯**



વર્તમાન સમયમાં સોશિયલ મિડીયાના અલગ અલગ પ્લેટફોર્મનો અબાલ વૃધ્ધ સૌ કોઇ ભરપુર ઉપયોગ કરે છે. આ માધ્યમનો સાચો ઉપયોગ થાય છે તેમ ખોટો ઉપયોગ પણ બહુ મોટા પ્રમાણમાં થઇ રહ્યો છે. આ માધ્યમ દ્વારા સગીરાઓ, બાળાઓ, યુવતિઓને મિત્રતાની જાળમાં ફસાવી બાદમાં પ્રેમના નામે તેમની સાથે ખેલ ખેલી ઘણીવાર લેભાગુ પ્રેમીઓ તેની જિંદગી બરબાદ કરી નાખતા હોય છે. લવ સેક્સ અને ધોખાની વધુ એક ઘટનાએ ચર્ચા જગાવી છે. જેમાં યુવાને યુવતિને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી વારંવાર શરીર સંબંધો બાંધી લીધા હતાં. આ કારણે તેણી ગર્ભવતિ થઇ ગઇ હતી. પણ હવે પ્રેમીએ પોતાનો સાચો ચહેરો બતાવ્યો હતો અને પ્રેમિકાને તરછોડી દીધી હતી. એટલુ જ નહિ પ્રેમિકા આ યુવાનની મા પાસે જતાં તેણીએ મારો દિકરો આવુ કરે જ નહિ તેમ કહી દીધુ હતું. ઉપરાંત આ કહેવાતા પ્રેમીએ મિત્રોની મદદ લઇ પ્રેમિકાને ગર્ભપાત કરાવી લેવા માટે પણ દબાણ કર્યુ હતું.

ચોંકાવનારી અને લાલબત્તી સમાન એવી આ વધુ એક ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરાના પાદરામાં બની છે. પરંતુ કોઇપણ શહેર કે ગામમાં રહેતી યુવતિઓ સગીરાઓ છાત્રાઓ માટે ચેતવણીરૂપ છે. પાદરામાં રહેતા યુવાને શહેરના ભાયલી વિસ્તારમાં રહેતી પ્રેમિકાને લગ્નની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. પ્રેમિકા ગર્ભવતી બન્યા બાદ યુવાને લગ્ન કરવાનો ઈન્કાર કરી દેતા યુવતીએ ન્યાય મેળવવા તાલુકા પોલીસ મથકના દરવાજા ખખડાવ્યા છે. ગર્ભવતી બનેલી યુવતીએ તાલુકા પોલીસ મથકમાં પ્રેમી સહિત પાંચ સામે નોંધાવેલી ફરિયાદમાં યુવાન અને તેના પરિવારે ધમકી આપી હોવાનો તેમજ પ્રેમીના મિત્રો દ્વારા એબોર્શન કરાવવા દબાણ કર્યું હોવાનો આક્ષેપ કર્યો છે. આરોપીઓ પૈકી એક આરોપી પોલીસ પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. તાલુકા પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

તાલુકા પોલીસ મથકમાં પીડિતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર પીડિતા ખાનગી ફાઇનાન્સ કંપનીમા નોકરી કરતી. તે સમયે પાદરાના રહેવાસી સાથી કર્મચારી સૌરભ કાછીયા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. ઓગસ્ટ મહિનાથી તે પોતાના ઘરે એકલી હતી ત્યારે સૌરભ કાછીયાએ તેના ઘરે આવતો હતો અને લગ્ન કરવાની ખાતરી આપી હતી. આથી, બંનેએ મરજીથી અનેક વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન સપ્ટેમ્બરમાં એક રાત સૌરભ આવ્યા બાદ બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ બોલવાનું બંધ કરી દીધું હતું. દિવાળીમાં પીડિતા તેના વતન ગઇ હતી. આ દરમિયાન તેમને ઉલ્ટી જેવું થતા તેણે પ્રેગ્નન્સી કીટથી તપાસ કરી હતી. જેમાં પોતે ગર્ભવતી હોવાનું જણાયું હતું. આ અંગેની જાણ પ્રેમી સૌરભને કરતા તેણે મળવા આવવાનો ઇનકાર કરી દીધો હતો અને સૌરભે પીડિત પ્રેમિકાને ગર્ભ પાડવાની દવા લખી આપીશ તે લઇ લેવા જણાવ્યું હતું.

આ દરમિયાન પીડિતાના ફલેટ પર સૌરભ કાછીયા તેના મિત્ર ધ્રુવને લઇને ગયો હતો. ધ્રુવે પિડીતાને કહ્યું કે, હું પણ બેબી પ્લાન કરૂ છું. એકલા હાથે સહેલું નથી. આમાં લોસ તમારા બંનેનો છે. તમે બંને વાત કરીને સોલ્યુશન લાવો અથવા એબોર્શન કરાવી લો.પીડિતાએ ફરિયાદમા વધુમાં જણાવ્યું છે કે, નવેમ્બર માસમાં સૌરભ પીડિત પ્રેમિકાને મુકવા અમિતનગર સર્કલ ગયો હતો. જ્યાં તેણે કહ્યું કે, આપણે લગ્ન કરી લઇએ અથવા જેમ ચાલે તેમ ચાલવા દઇએ. બાદમાં પીડિતાએ ડોક્ટર પાસે જવાની વાત કરી હતી ત્યારે પ્રેમીએ ગોળ-ગોળ બહાના બતાવીને વાત ટાળી દીધી હતી. આથી એજ દિવસે સાંજે પીડિતા પ્રેમી સૌરભ કાછીયાના ઘરે પહોંચી ગઇ હતી. ત્યાં તેના મિત્ર ઓમ બ્રહ્મભટ્ટ, ધ્રુવ ચૌરસિયા અને તેના માતા-પિતા હાજર હતા.

હદ તો ત્યાં થઇ ગઇ કે પ્રેમી સૌરભની માતાએ પીડિતાને કહ્યું કે, તું ઘરે કેમ આવી છે? ત્યારે પીડિતાએ કહ્યું કે, હું તમારા છોકરાથી ગર્ભવતી બની છું. ચોંકી ઉઠેલી માતાએ પીડિતાને કહ્યું કે, બીજાનું બાળક મારા છોકરા ઉપર ના ચોંટાડીશ તેમ જણાવી પીડિતાને સૌરભ તેમજ તેના માતા-પિતાએ ધમકી આપી કાઢી મૂકી હતી. આખરે પીડિતાએ પોતાના ધારાશાસ્ત્રી ભાવિન વ્યાસને સાથે રાખી લગ્નની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધો બાંધી ગર્ભવતી બનાવનાર પ્રેમી સૌરભ પીયુષભાઇ કાછીયા (રહે. સંતરામ મંદિર નજીક, મેઇન બજાર, પાદરા) તેમજ ગર્ભપાત કરાવવા માટે ધમકી આપનાર પ્રેમીના મિત્રો ઓમ બ્રહ્મભટ્ટ, ધ્રુવ ચૌરસિયા, અને ધમકી આપનાર પ્રેમી સૌરભના માતા-પિતા સામે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ પૈકી એક આરોપી પોલીસ પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પીએસઆઇ જે. યુ. ગોહિલે ફરિયાદના આધારે આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ શહીદ(ભાગ ૧)

## પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય, વૈશ્વિક, અને બ્રહ્માંડીય, એમ પાંચ પ્રકારના શહીદ હોય છે



૨ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર ૨૦૧૭ માં ગુજરાતનાં સુરત ખાતે માનસ શહીદની કથાનો આરંભ થયો હતો! ઘણા બધા સત્કાર્ય માટે કથાઓ થઈ, પરંતુ દેશની રક્ષા કરતાં શહીદ થયેલા વીર જવાનોનાં પરિવાર સેવાની ફરજ બજાવવા આ કથા છે. આમ તો આ સમગ્ર રાષ્ટ્રનું દાયિત્વ છે, અને ઘણી ધાર્મિક સંસ્થા સહિત બધાં જ આગળ આવ્યા છે, મારી વ્યાસપીઠ પણ પાંચ લાખ તુલસીપત્ર રૂપે મુકી આ સેવા યજ્ઞની શરૂઆત કરે છે.

કથાના આરંભે સૌરમંડળમાં નિરંતર ઘૂમતી આપણી પ્યારી પૃથ્વીને પ્રણામ કર્યા અને સમગ્ર વૈશ્વિક રૂપે બધાને પ્રણામ કરી સૂર્યપુત્રી ભગવતી તાપી અને સૂર્યપુત્ર કર્ણ જે આ ભૂમિ સાથે જોડાયેલા વ્યક્તિત્વ છે એને પણ પ્રણામ કર્યા. સુરત જેવું કોઈ દાન આપનાર શહેર મેં જોયું નથી, એના હીરા ઘસુવાર કરો એ પોતપોતાનાં એક દિવસની બધી રકમ આ યજ્ઞમાં આપી હીરાના માલિકોએ જેટલી રકમ વર્કરોએ આપી એટલે જ રૂપિયા દાનમાં આપ્યા ! મુખ્ય વાત ભાવનાની છે. વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ ગણાતી આર્મીઓમાં આપણી આર્મી છે, એમ કહી સૈન્યની સરહાના કરી. કારગિલ યુદ્ધ વખતે ગૃહ મંત્રી તરીકે અડવાણી સાહેબ હતાં એમને પોતે ત્યાં એક મહિનો ટેન્ટમાં રહીને જવાનો સાથે માળા કરશે, એવી માંગણી પણ કરી હતી, પણ નિયમ વિરુદ્ધ થાય એટલે મંજૂરી મળી નહીં. રામ કથા રાષ્ટ્રીય નહીં પણ બ્રહ્માંડીય છે અને આ વાત ખુદ શંકર કહે છે.

પૂંછેઉ રઘુપતિ કથા પ્રસંગા,
સકલ લોક જગ પાવનિ ગંગા.

કથાના વિષયની શરૂઆતમાં કહ્યું કે હું વિચારતો હતો કે વિષય કયો લેવો રામચરિતમાન સાથે ખાંડમાં જુદા જુદા સંદર્ભે જુદી જુદી રીતે કોણે શહીદી વોહરી છે એ પાત્રોને પગે લાગી મારે મારા દેશના શહીદો વિશે વાત કરવી છે અને તેથી આ કથા ને માનસ શહીદ નામ આપીશું. આપણા પુરાણ ગ્રંથોમાં આદિ અનાદિ અધ્યાત્મ પરંપરામાં રામચરિત માનસમાં જો કોઈ પહેલો શહીદ હોય તો એ જટાયુ છે એણે માં જાનકીની રક્ષા માટે પોતાની કુરબાની આપી હતી.માટે આ બે ચોપાઈ નાં આધારે આપણે સંવાદ કરીશું.

કહા અંગદ વિચારી મન માહિ,
ધન્ય જટાયુ સમ કોઉ નાહિ.
રામ કાજ કારન તનુ ત્યાગી,
હરિ પુર ગયેઉ પરમ બડભાગી.

આધ્યાત્મજગતમાં પાંચ પ્રકારના શહીદો હોય છે તલગાજરડી દ્રષ્ટિ પાંચ પ્રકારની હોય છે અને પાંચ એનો અનુસાર રામચરિત માનસમાં મળે છે એક તમે તમારા પરિવાર ને બચાવવા માટે જ્યારે કુરબાની આપતા હો ખાલી મરી જવું એમ નહીં પણ બધું છોડીને તમે જતું કરીને આખા પરિવારને બચાવવા માટે જે કરો છો ત્યારે એ પારિવારિક શહીદી છે. બીજું આખા સમાજ માટે પોતે હકદાર હોય છતાં એનો અધિકાર બધું જ સમાજના કલ્યાણ માટે જેણે જતું કરીને કુરબાની આપી હોય એ સામાજિક શહીદી છે ત્રીજું આખર રાષ્ટ્ર માટે જાણે શહીદી આપી હોય જે આપણી આ કથા ના કેન્દ્રમાં છે સરહદ પર જેમણે જેમણે પુરવાર કુરબાની આપી હોય એણે રાષ્ટ્રીય શહીદી વ્હોરી. ચોથું જેણે આખા વિશ્વ માટે શહીદી આપી હોય એ વૈશ્વિક શહીદી! અને પાંચમું બ્રહ્માંડીય શહીદી! રામ કોણ છે?

બ્રહ્માંડ નિકાયા નિર્મિત માયા રોમ રોમ પ્રતિવેદ કહે.

રામ એટલે કે સમસ્ત બ્રહ્માંડો માટે જેમણે શહીદી આપી હોય જેમ કે જટાયુ એ પણ બ્રહ્માંડીએ શહીદી વોહરી. અને એ રીતે વ્યાસપીઠ શહીદોને પાંચ વિભાગમાં વહેંચે છે, પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય, વૈશ્વિક, નિખિલ બ્રહ્માંડીય, રામચરિત માનસને આધારે આપણે આ પાંચ વિભાગોની આધ્યાત્મિક ચર્ચા કરીશું માનસના પ્રસંગો લઈને ભારતના વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપીશું.

લાલ બહાદુર શાસ્ત્રી અબ્દુલ કલામ અને અટલ બિહારી બાજપાઈ ને યાદ કરીને જય જવાન જય કિસાન જય વિજ્ઞાન, ના નારા ને યાદ કર્યો અને પોતે આમાં એક સૂત્ર ઉમેરવા માંગે છે જય ઈમાન! વ્યક્તિથી લઈને વૈશ્વિક સ્તર સુધી આજે ઈમાનદારીની ક્રેસીસ છે આપણે આપણી છાતી ઉપર હાથ મૂકીને કેટલા ઈમાનદાર છીએ એ વિચારવું રહ્યું!ઃ જય વિજ્ઞાન ની રીતે તો ગણતરી કરી પરંતુ એમાંની રીતે હજી આપણે ઘણા પાછળ છીએ, તો જાય ઈમાન એવું એક વિચાર પણ આ કથા સાથે પ્રસ્થાપિત કરીએ.

કથાનો થોડો ક્રમ લઈ લઈએ, પ્રથમ દિવસે રામચરિત માનસનો મહિમા હોય છે. રામચરિત માનસના ૭૦૫ છે બાલકાંડ અયોધ્યા કાંડ અરણીયા કાંડ કે સ્કીનધાકાંડ સુંદરકાંડ લંકા કાંડ અને ઉત્તર કાંડ ગોસ્વામીજી શ્લોકમાં પણ રામચરિત માનસની રચના કરી શક્યા હોત પરંતુ ભગવાન શિવનો આદેશ થયો અથવા તો કદાચ લોક સુધી શ્લોક નહીં પહોંચે એટલે લોકની બોલીમાં રામકથા વર્ણવવી છે એવો નિર્ણય કર્યો.

બાલકાંડની શરૂઆતમાં સાત મંત્રો લખ્યા વિધવાનું જેનું ભાષ્ય કરતા થાકતા નથી અને ત્યાં આપણને તુલસીના સંસ્કૃતનું બહુ જ મોટો મૂલ્ય સમજાય છે. તુલસી સુ સંસ્કૃતજ્ઞ છે પણ લોકલ માટે એમને અવધી ભાષામાં ભોજપુરી ભાષામાં કે સરળ હિન્દીમાં સમજી શકીએ એવી ભાષામાં રામકથાનું અવતરણ કર્યું.

વર્ણાનામર્થસંઘાનાં રસાનાં છન્દસમાપિ,
મંગલાનાં ચ કર્ત્તારૌ વન્દે વાણીવિનાયકૌ,
ભવાનીશંકરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસ રૂપિણૌ,
યાભ્યાં વિના ન પશ્યંન્તિ સિદ્ધાઃ સવાન્ત સથ્મીશ્વરમ.

પહેલા મંત્રમાં વાણી વિનાયકને સ્માર્યા બીજા મંત્ર માં સેવ પાર્વતી ત્રિભોવન ગુરુ ભગવાન શિવની વંદના કરી વાલ્મિકી અને હનુમાનજીની વંદના કરી જાનકીની વંદના રામભદ્રની વંદના ને વેદોમાં પુરાણોમાં શાસ્ત્રોમાં થોડું મારા ગુરુની કૃપાથી જે સમજાયું એ મેં માનસમાં લખ્યું છે રામચરિત માનસમાં લખવાનું હેતુ પ્રભાવ પાડવા માટે નથી, તુલસી કહે છે ''સ્વાન્ત સુખાય તુલસી રઘુનાથ ગાથા'' પોતાના અંતઃકરણને સુખ મળે એટલા માટે કથા નો આરંભ કર્યો અને પછી આપણા જેવા જીવોનો ઉદ્ધાર કરવાં ત્રિભુવનને પવિત્ર કરનારી કથા ગંગાનું અવતરણ કર્યું. આજનું જગત એમ કહે છે ગુરુની શું જરૂર છે પણ ગુરુની બહુ જ જરૂર છે ગુરુ ખરેખર કૃષ્ણ જેવો હોવો જોઈએ, ગુરુ આપણને સદા ભય માંથી મુક્ત કરશે મોહમાંથી મુક્ત કરશે ગુરુની ચરણ રદ થી નેત્રો પવિત્ર થાય છે. દ્રષ્ટિ પવિત્ર થયાં પછી જ સૌને વંદન કરી શકાય છે. ગુરુની કૃપા થાય એટલે આંખ નિર્માણ થાય પછી કોઈની નિંદા થતી નથી અને આખું જગત બ્રહ્મય દેખાય છે.

સિયા રામમય સબ જગ જાની,
કરઉં પ્રનામ જોરી જુગ પાની.

''સર્વ ખલુ ઈદં બ્રહ્મ'' એમ વેદાંત પણ કહે છે ''વાસુદેવ સર્વમિતિ'' આ બધું વાસુદેવના મુખમાંથી ઉત્પન્ન થયું છે અને માટે જ નરસિંહ કહે છે સકળ લોકમાં સૌને વંદે નિંદદાન કરે તેની રે.. આખું જગત જેને પ્રભુમય દેખાય જગત બ્રહ્મય જોયું બધાને પ્રણામ કર્યા અને પછી રામાયણના મહત્વનાં પાત્રોની વંદના કરી એમાં માતૃદેવો ભવઃ ના ન્યાયે તુલસીએ સૌથી પહેલા એ બંદઉં કૌશલ્યા દિસિ પ્રાચી. ત્યારબાદ મારાજ દશરથની વંદના, અન્ય રાણી ઓની વંદના કરી. રાજર્ષિ જનકની વંદના કરી સંત ભરતની વંદના લક્ષ્મણની વંદના શત્રુઘ્ન મહારાજની વંદના અને બધાની વંદના કરતા કરતા છેલ્લે હનુમાનજીની વંદના કરી પ્રથમ દિવસની કથાને વિરામ આપ્યો.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

સંત મિલન કો જાઈએ, તજ માન મોહ અભિમાન, જ્યોં જ્યોં પાંવ આગે ધરે, કોટિ યજ્ઞ સમાન.

# વૃદ્ધો આંગણાના દેવતાઓ, વૃક્ષો પ્રથમ દેવ : અવધેશાનંદ ગિરિજી

## માનસ સદભાવના રામકથામાં સંતોના મિનિ મહાકુંભના દર્શન : પ્રયાગમાં કુંભની તૈયારી પણ રાજકોટમાં દર્શન : બ્રહ્મેશાનંદ મહારાજે કહ્યું વૃદ્ધોની સેવાથી યશ, બળ અને આયુષ્ય વધે છે

રાજકોટ, તા. ૨૯

માન, મોહ, અભિમાન વગેરેનો ત્યાગ કરીને સંતના મિલન માટે જવું કેમ કે જેમ જેમ તેમની સાથે શાસ્ત્રોની ચર્ચા કરતાં જઈએ તેમ તેમ આપણને કરોડો યજ્ઞો કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. આવો જ એક સંત મિલન પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીના જન્મ દિવસે માનસ સદભાવના રામકથામાં આજે યોજાઈ ગયું જેમાં પ. પૂ. આચાર્ય મહામંડલેશ્વર જૂના પીઠાધિશ્વર સ્વામી શ્રી અવધેશાનંદ ગિરિજી, પ. પૂ. શ્રી શ્રી શ્રી જગદગુરુ સ્વામી શ્રી ડો. નિર્મલાનંદ નાથજી મહારાજ, પ. પૂ. શ્રી ગીતામનીષી મહામંડલેશ્વર જ્ઞાનાનંદજી મહારાજ, ગોવાથી પ. પૂ પદ્મશ્રી પદ્મનાભ પીઠાધીશ્વર ધર્મ ભૂષણ સ્વામી બ્રહ્મેશાનંદજી મહારાજ, વૈષ્ણવોની કુલ આઠ પીઠ પૈકીનાં બીજી પીઠના વૈષણાવાચાર્ય પ. પૂ દ્વિતીય ચંપારણીય પીઠાધીશ્વર વલ્લભકુળ તિલક શ્રી દ્વારકેશ બાવાશ્રી તથા પ. પૂ ષષ્ઠ પીઠાધીશ્વર શાસ્તા પીઠના વલ્લભકુળ તિલક દ્વારકેશ બાવાશ્રી, એસ.જી.વી.પી ગુરુકુળના અધ્યક્ષ શાસ્ત્રી પ. પૂ શ્રી માધવ પ્રિયદાસજી, કૃષ્ણ પ્રણામી સંપ્રદાય આચાર્ય પ. પૂ શ્રી કૃષણમણીજી મહારાજ, પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજી, નૈસર્ગિકા દીદી ઉપસ્થિત રહ્યા હતા.

પ. પૂ. આચાર્ય મહામંડલેશ્વર જૂના પીઠાધિશ્વર સ્વામી શ્રી અવધેશાનંદ ગિરિજીએ બીજરૂપ પ્રવચન આપતા કહ્યું કે વૃદ્ધો થકી આપણું અસ્તિત્વ હોય છે, વૃદ્ધો આપણાં આંગણાના દેવતા છે. વૃદ્ધોના તિરસ્કારથી કોઈને સુખ નથી મળતું માટે વૃદ્ધોને હમેશા સન્માન આપવું. તેમણે એમ પણ કહ્યું કે વૃક્ષ પ્રથમ દેવતા છે. દસ પુત્રો સમાન એક પુત્રી પણ સો પુત્રી સમાન એક વૃક્ષ એવું શાસ્ત્રોમાં કહેવાયું છે. જો પૃથ્વી પરથી વૃક્ષો જશે તો જીવન પણ સમાપ્ત થઈ જશે માટે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા જે પ્રવૃત્તિ થઈ રહી છે જે ખરા અર્થમાં માનવતા અને પૃથ્વી બચાવવાનું કામ છે.

**મોરારિ બાપુની રામકથાના માધ્યમથી સામાજિક જાગરણનું કામ કરી રહ્યા છે : કૃષણમણીજી મહારાજ**

તેમણે એમ પણ કહ્યું કે કુંભ મેળા જેવી સંતોની હાજરી અહી રાજકોટમાં જોવા મળી છે. તેમણે હિન્દુ ધર્મસભા વિષે વાત કરતાં કહ્યું કે રામસેતુનો ચુકાદો, વિશ્વ યોગ દિવસ, નવી શિક્ષણ નીતિ સહિતના કેટલાય નિર્ણયોમાં હિન્દુ ધર્મ સભાની વૈચારિક ભૂમિકા રહી છે.

તેમણે આજના ઉત્સવ નાયક સદભાવના વૃદ્ધાશ્રમના માર્ગદર્શક અને સંરક્ષક પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીના પ્રાગટ્ય દિનની શુભેચ્છા આપતા જણાવ્યું કે તેઓ ભારતની અદભૂત ઉર્જા છે. શીલ, સદાચાર અને સમર્પણ ભાવવાળા સન્યાસી છે. તેઓ ભારત માટે નિધિ સમાન છે. પૂ. મોરારિબાપુ વિષે તેમણે કહ્યું કે તેઓ યુગ દ્રષ્ટા છે. સત્ય, પ્રેમ, કરુણાની ત્રિવેણી સમાન છે.

ગોવાથી પધારેલા પ. પૂ પદ્મશ્રી પદ્મનાભ પીઠાધીશ્વર ધર્મ ભૂષણ સ્વામી બ્રહ્મેશાનંદજી મહારાજે સદભાવના વૃદ્ધાશ્રમની સેવાઓને માર્ગદશન આપી, વેદનો મંત્રી ટાંકી વૃદ્ધોની સેવાથી યશ, બળ અને આયુષ્ય વધે છે તેમ જણાવ્યું હતું. તેમણે સદભાવના વૃદ્ધાશ્રમની સેવાઓને વ્યાપક બનાવવા અને સૌ ને સાથે મળીને સેવા આપવા અપીલ કરી હતી. કૃષ્ણ પ્રણામી સંપ્રદાય આચાર્ય પ. પૂ શ્રી કૃષણમણીજી મહારાજે સૌ પ્રથમ સદભાવના વૃદ્ધાશ્રમના માર્ગદર્શક અને સંરક્ષક પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીના પ્રાગટ્ય દિનની શુભેચ્છા આપી હતી. તેમણે પૂ. મોરારિ બાપુની રામકથા સમાજ જાગરણનું માધ્યમ બનતી હોવાનું જણાવ્યું હતું.

વૈદિક ગ્રંથોને સરળ ભાષામાં સમજાવી અનેક વિધાર્થીઓને વિધ્યાદાન આપી રહ્યા છે તેવા પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજી સનાતન ધર્મનો સંદેશ વિશ્વમાં ફેલાવી રહ્યા છે. આજના પ્રાગટ્ય દિન નિમિત્તે સ્વસ્થ રહે, સદભાવના વૃદ્ધાશ્રમ અને વૃક્ષોની વધુમાં વધુ સેવા કરે તેવી પ્રાર્થના કરીએ. પ. પૂ ષષ્ઠ પીઠાધીશ્વર શાસ્તા પીઠના વલ્લભકુળ તિલક દ્વારકેશ બાવાશ્રીએ જણાવ્યું હતું કે વેદ, વૃક્ષ, વૃદ્ધ આ સેવા સંકલ્પનો યજ્ઞ રામકથાના માધ્યમથી ચાલી રહ્યો છે. તેમાં આપણે સૌ સહભાગી બનીએ કારણ કે સંત એ ચાલતા વૃક્ષ છે અને વૃક્ષ એ બેઠેલા સંત છે. એક પ્રકારે આ સંત સેવા થઈ રહી છે. પૂ. બાપુ કથા રસ દ્વારા સમગ્ર વિશ્વની ભાવ સૃષ્ટિને પ્રગટ કરી રહ્યા છે. આ શુભ યજ્ઞમાં જેનું જેટલું સામર્થ્ય હોય એમણે એ પ્રકારે સહયોગ આપવો જોઈએ તેવી અપીલ કરી હતી.

પ. પૂ દ્વિતીય ચંપારણીય પીઠાધીશ્વર વલ્લભકુળ તિલક શ્રી દ્વારકેશ બાવાશ્રીએ પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીના ૭૨ માં પ્રાગટ્ય દિનની શુભેચ્છા પાઠવી એવું જણાવ્યું હતું કે તેમણે સનાતન ધર્મના એક છત્ર નીચે વિવિધ સંપ્રદાયોને એક કરવાનું મહત્વનું કામ કર્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવી અને ચાર વર્ષ સુધી તેનો ઉછેર કરવાનો જે સંકલ્પ કર્યો છે એ પર્યાવરણનું ભગીરથ કાર્ય છે. પ. પૂ. શ્રી ગીતામનીષી મહામંડલેશ્વર જ્ઞાનાનંદજી મહારાજે રામકથાને સેવાનું અનુષ્ઠાન ગણાવી માર્ગશિર્ષ મહિનામાં ભગવદીય વિભૂતિઓ જે અનુષ્ઠાન કરે છે તેવું આ અનુષ્ઠાન સદભાવના વૃદ્ધાશ્રમનું થઈ રહ્યું છે. સમગ્ર સનાતન ધર્મની સેવા પણ આ યજ્ઞમાં થઈ રહી છે. એક કાલખંડ દરમિયાન ભારત દેશ ઉપર આક્રમણકારોના હુમલા થયા હતા છતાં સંતોએ સનાતન ધર્મનું રક્ષણ કર્યું એટલે જ આજે આપણે સૌ રામકથા સાંભળી શકીએ છીએ. સદભાવના વૃદ્ધાશ્રમ વૃદ્ધોને નિરાશાની સામે આશાની દિશામાં લઈ જાય છે. પૂરી માનવતા માટે સદભાવના વૃદ્ધાશ્રમ એક ઉદાહરણ બનશે તેમજ યુવાનોમાં સેવાના સંસ્કારોનું સિંચન કરશે.

આ તકે પ. પૂ. શ્રી શ્રી શ્રી જગદગુરુ સ્વામી શ્રી ડો. નિર્મલાનંદ નાથજી મહારાજે કહ્યું કે વિજ્ઞાન માનવ હ્રદયની નબળાઈ દૂર ન કરી શકે તે માત્ર ધર્મ જ કરી શકે. તેમણે ગ્લોબલ વોર્મિંગ સામે લાલ બત્તી ધરી અને સદભાવના દ્વારા જે વધુમાં વધુ વૃક્ષો વાવવાની પ્રવૃત્તિ થઈ રહી છે તેને વધાવી વૃદ્ધાશ્રમને વાનપ્રસ્થ આશ્રમ કહી નવા વૃદ્ધાશ્રમ માટે શુભેચ્છા પાઠવી.

એસ.જી.વી.પી ગુરુકુળના અધ્યક્ષ શાસ્ત્રી પ. પૂ શ્રી માધવ પ્રિયદાસજીએ જણાવ્યું કે પ્રયાગમાં કુંભની તૈયારી થઈ રહી છે. રાજકોટમાં તેના દર્શન થયા. પ્રયાગમાં ત્રિવેણી વહે છે. અહી સત્ય, પ્રેમ, કરુણાની ત્રિવેણી વહે છે. તેમણે પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીને જન્મદિનની શુભકામના પાઠવતા જણાવ્યું કે સ્વામીજીએ અન્ય ધર્મના અનેક મહાનુભાવોને હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિથી અવગત કરાવ્યા અને આપણે શાંતિના ઉપદેશકો છીએ એ સાબિત કર્યું.

સુરતમાં કિરણ હોસ્પિટલ સહિત વિવિધ ક્ષેત્રમાં માતબર યોગદાન આપનાર પદ્મશ્રી મથુરભાઈ સવાણીએ સદભાવના વૃદ્ધાશ્રમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવવાની સાથે એવું જણાવ્યું હતું કે સદભાવના વૃદ્ધાશ્રમે વૃદ્ધાશ્રમ અને વૃક્ષારોપણ સહિતની સેવાઓમાં ચોકકસાઇ રાખવાનો એક નવો રસ્તો સમગ્ર દેશને બતાવ્યો છે. એક જન આંદોલન ઊભું કરવામાં સદભાવના વૃદ્ધાશ્રમ ઉદાહરણ બન્યું છે. દેશના આશરે ૨ હજાર જેટલા ઉધ્યોગોનું સંકલન કરી વૃક્ષારોપણ અભિયાનને વેગ મળે તેવા પ્રયાસો સુરત તેમજ સુરતની આસપાસ થઈ રહ્યા છે. પૂ. મોરારિબાપુ દેશના સર્વાંગી વિકાસના આ યજ્ઞમાં રામકથાના માધ્યમથી વ્યાપક સહયોગ આપી રહ્યા છે.

આ તકે રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ ડો. ભરતભાઇ બોઘરા, ગુજરાત સરકારના મંત્રીઓ કુંવરજીભાઈ બાવળિયા, રાઘવજીભાઈ પટેલ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિઃસંતાન, નિરાધાર, પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરુ થઇ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 30 એકર જ્ગ્યામાં, ૫000 નિઃસંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪00 રૂમ યુક્ત નવું પરિસર 300 કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવા-સુશ્રુસા, નવા અદ્યતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃતિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.





### ગુજરાતનાં કૃષિ અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ રહ્યા હાજર

ગુજરાતનાં કૃષિ અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્ધારા વૃદ્ધો અને વૃક્ષોના શુભાર્થે થઈ રહેલી પૂ. મોરારિબાપુની માનસ સદભાવના રામકથામાં નવા બની રહેલા સદભાવના વૃધ્ધાશ્રમ માટે એક રૂમનુ અનુદાન આપ્યું છે. ગુજરાતનાં કૃષિ અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ દ્ધારા સદભાવના વૃધ્ધાશ્રમને જામનગર રોડ, રામપર ખાતે નવા બની રહેલા વૃદ્ધાશ્રમ માટે એક રૂમનું અનુદાન આપ્યું છે. અત્રે ઉલેખ્ખનીય છે કે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્ધારા છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના નિઃસંતાન, નિસહાય, નિરાધાર વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા નિઃસંતાન વૃધ્ધો/વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ લેવામાં આવતો નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૬0 જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે તેમાંથી ૨00 વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. 30 એકરની જગ્યામાં ૫000 વડીલો સમાઈ શકે તે માટે 300 કરોડનાં માતબર ખર્ચે ૧૪00 રૂમ યુક્ત સદભાવના વૃદ્ધાશ્રમ રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે.

લવલફરાના ઓઠા તળે યુવતિઓ સગીરાઓને શિકાર બનાવવાની ચોંકાવનારી ઘટના

# યુસુફમિંયા કમલસિંહ બન્યો, યુવતિને ફસાવી ગર્ભ રાખી દીધો

## હવસખોરને પત્નિએ પણ મદદગારી કરતાં પોલીસે તેણીને પણ આરોપીમાં સામેલ કરીઃ ગમે તેની સાથે મિત્રતા, પ્રેમમાં આગળ વધતા પહેલા ચેતો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.30**

આજના યુગમાં મિત્રતા અને પ્રેમના નામે હવસખોરીના ખેલ ખેલનારા વધી ગયા છે. અનેક વખત આ પ્રકારની ઘટનાઓ સામે આવી ચુકી છે. કેટલાય લેભાગુ હવસખોરો આવા ગુનાઓને કારણે જેલની હવા ખાઈ રહ્યા છે. આમ છતાં આવા કિસ્સા અટકતા નથી. હાલના સમયમાં સગીરાઓ, યુવતિઓ કોઇપણ જાતની તપાસ કર્યા વગર જ આકર્ષણને કારણે કે પછી દેખાદેખીમાં ગમે તેની સાથે મિત્રતા કરી બેસે છે અને આગળ જતાં પ્રેમમાં પડી જાય છે. પણ પછી અમુક લેભાગુઓ તેણીને હવસખોરીનો શિકાર બનાવી તરછોડી મુકે છે. પોતાની સાચી ઓળખ છુપાવીને પ્રેમના નામે હવસખોરી આચરનારા પણ ઓછા નથી. વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક શખ્સ કે જેનું સાચુ નામ યુયુસમિંયા છે તે ઓળખ છુપાવી કમલસિંહ બની ગયો હતો. પરણેલા એવા આ ઢગાએ હિન્દુ યુવતિને શિકાર બનાવી દૂષ્કર્મ આચરી ગર્ભ રાખી દીધો હતો, એ પછી પણ લગ્નના વાયદા આપી ગર્ભપાત કરાવડાવી નાખ્યો હતો અને છેલ્લે તેને તરછોડી દીધી હતી.

ખોટા નામે યુવતિઓને ફસાવવાની ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. મિત્રતા પ્રેમના પાઠ ભણાવી આવા તત્વો જે તે સગીરા કે યુવતિ કે કોલેજની છાત્રાઓના જીવતર દૂષ્કર બનાવી દેતાં હોય છે. દરમિયાન રાંદેર પોલીસ મથકમાં અડાજણમાં રહેતા યુસુફ મિયા મહંમદ મંડપવાલા અને તેની પત્ની હબીબા વિરુદ્ધ બળાત્કાર અને છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. આરોપીએ હિન્દુ નામ ધારણ કરીને યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી, લગ્નનો વાયદો કરીને ગર્ભપાત કરાવ્યો હતો. પોલીસે જાહેર કરેલી વિગતો અનુસાર વર્ષ ૨000ની સાલમાં



કોલેજમાં અભ્યાસ કરતી રાંદેરમાં રહેતી યુવતી સાથે આરોપી યુસુફમિયાએ પોતાની હિન્દુ તરીકે ઓળખ આપી કમલસિંહ નામ ધારણ કરીને મિત્રતા બનાવી હતી. યુવક અવારનવાર યુવતીને મળવા બોલાવતો અને લગ્નનો પ્રલોભન આપીને શારીરિક સંબંધો બાંધતો હતો. આ સમય દરમિયાન યુવતી ગર્ભવતી થઈ હતી,

આથી તેણીએ પ્રેમી કમલસિંહ કે જે હકિકતે યુસુફમિયા હતો તેને જાણ કરતાં તેણે ગર્ભપાત કરાવવા મજબૂર કરી દીધી હતી. એટલુ જ નહિ ગર્ભપાત બાદ પણ તેની સાથે શારીરિક સંબંધો જાળવતો રહ્યો હતો. આ પછી યુસુફમિયાએ યુવતીના નામે લોન લઇ મોપેડ ખરીદી હતી. બાદમાં તે મોપેડ તેના પોતાના નામે કરાવવા માટે દબાણ કરતો હતો. યુવતીએ તેનો ઇનકાર કરતા યુસુફ અને તેની પત્નિ હબીબા યુવતીના ઘરે પહોંચી, ધમકીઓ આપી અને યુવતી પર શારીરિક હિંસા પણ ગુજારી હતી. આ સમગ્ર પ્રકરણમાં, ભોગ બનનાર યુવતીએ રાંદેર પોલીસ મથકમાં બળાત્કાર અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી. આ ફરિયાદના આધારે યુસુફ મિયા અને તેની પત્ની હબીબાને વિરૂધ્ધ પોલીસે છેતરપીંડી, બળાત્કાર અને ધમકીઓની કલમો હેઠળ કાર્યવાહી કરી બંનેની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી હતી. પોલીસે આ મામલે જણાવ્યું હતું કે, આરોપીઓએ યુવતી સાથે લાંબા સમય સુધી છેતરપિંડી અને શોષણ કર્યું છે. આરોપીઓને ઝડપથી પકડી વધુ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રકારના કિસ્સાઓ રાજ્યભરમાં બનતા રહે છે અને અગાઉ પણ બની ચુક્યા છે. ત્યારે વધુ એક વખત એવુ કહીએ કે કોઇની પણ સાથે મિત્રતા, પ્રેમમાં પડતાં પહેલા સામેનો શખ્સ ખરેખર કમલસિંહ છે કે પછી યુસુફમિંયા છે? તેની ખરાઇ કરી લેવી ખુબ જરૂરી છે. અન્યથા આ કિસ્સાની જેમ આગળ જતાં પછતાવા સિવાય કંઇ હાથમાં આવતું નથી.

### રાજકોટ, વડોદરા, સુરતમાં એક જ સરખી મોડસ ઓપરેન્ડીથી આચરાયેલા ચાર ગુના ઉકેલાયા

# વૃધ્ધાઓને છેતરી દાગીના રોકડ ચોરતી તસ્કરણીઓ પકડાઇ

### દિલ્હીની બે યુવતિ અને સાગ્રીત યુવાનને પકડી પાંચ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરાયોઃ વધુ ભેદ ઉકેલાવાની પોલીસને આશા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૩૦**

વૃધ્ધોને મદદ કરવાના બહાને કે વાતચીતમાં ઉલજાવી નજર ચુકવી અથવા તો બીજા પ્રલોભન આપી છેતરીને તેના દાગીના રોકડ લઇ ભાગી જવાની ટેવ ધરાવતી તસ્કરણીઓને ઝડપી લેવામાં સફળતા મળી છે. લાખોના દાગીના સાથે દિલ્હીની બે ઠગ મહિલાને પકડી લેવામાં આવી છે. આ બંને તસ્કરણીએ રાજકોટ, સુરત, વડોદરાના ગુના કબુલ્યા છે. બંને તસ્કરણી સાથે અન્ય એક આરોપી પણ સાણસામાં આવી જતાં ત્રણેયની વિશેષ પુછતાછ થઇ રહી છે.

વિગતો પર નજર કરીએ તો સિનીયર સિટીઝન મહિલાઓને ટાર્ગેટ કરીને જુદી-જુદી તરકીબો અજમાવી મહિલાઓના કિંમતી દાગીનાઓ ઉતારી લેવાના ઠગાઇના ગુનાઓ કરતી બે મહિલા સહિત ત્રણ આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે શોધી કાઢ્યા છે. આ ટોળકીએ વડોદરા, રાજકોટ, સુરત શહેરના ચાર ગુના કબુલી લીધા છે. વધુ પુછતાછમાં વધુ ગુના ઉકેલાવાની પોલીસને આશા છે. વિગતો પર નજર કરીએ તો ઓક્ટોબરમાં બપોરના સમયે વડોદરા શહેરના કરોળીયા પોળ ખાતે ખરીદી કરવા આવેલ સિનીયર સિટીઝન મહિલાને બે અજાણી મહિલા મદદ કરવાને બહાને મહિલા સાથે વાતચીત કરી મહિલાનો વિશ્વાસ કેળવી મહિલાએ પહેરેલા ૨.૩૫ લાખની કિંમતના સોનાના દાગીના મેળવી લઈને ઠગાઇ ગુનો આચર્યો હતો.

આ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. વડોદરા ક્રાઈમ બ્રાંચની ટીમે અજાણી મહિલાઓનો રૂટમેપ તેમજ સીસીટીવી ફૂટેજને આધારીત ડેટાબેઝ આધારે તપાસ શરૂ કરી હતી. તેમજ બાતમીદારોને સક્રિય કર્યા હતા અને આ મુજબની મોડસ ઓપરન્ડીથી ગુનાઓ કરતી મહિલાઓ અંગે રેકર્ડ આધારીત સતત તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન આવી જ મોડસ ઓપરેન્ડીથી વડોદરા શહેર ઉપરાંત સુરત



શહેરના લીંબાયત તેમજ પાંડેસરા પોલીસ સ્ટેશન અને રાજકોટ શહેરના એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયા હતા. આ દરમિયાન સીસીટીવી ફુટેજમાં બે શંકાસ્પદ મહિલા જોવા મળી હતી અને તેઓની સાથે એક ઇસમ શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. દરમિયાન આ રીતે ચોરી કરતી મહિલાઓ અને એક યુવાન પી.એમ.આવાસ યોજનાની સામે વાઘોડીયા ચોકડી બ્રિજ ચડતા હાઇવેની સાઇડમાં ઉભાની માહિતી મળતાં ક્રાઇમ બ્રાન્ચની ટીમ તુરંત જ પહોંચી હતી. આ ત્રણેય લોકોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસ ત્રણેયને ઝડપી પાડયા હતા. પોલીસે રૂહીબેન સીતારામ બાવરી (ઉં.૨૨), પુનમબેન સોનુ હારીમલ (ઉં.૩૫) અને વિશાલ શ્યામલાલ (ઉં.૨૨), (રહે. રઘુવીરનગર, દિલ્હી)ની પૂછપરછ કરી હતી. આ દરમિયાન ૪ સોનાની સોનાની બંગડી, ૨ સોનાની ચેઇન, ૧ સોનાની વીંટી, ૧ જોડ કાનના બુટ્ટી, ૩ મોબાઈલ ફોન, ૧ પર્સ, ૨૧ હજાર રોકડા મળીને કુલ ૫,૧૫,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ત્રણેયની સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓએ સિનીયર સિટીઝન મહિલાઓને ટાર્ગેટ કરીને જુદી-જુદી તરકીબો અજમાવી વડોદરા શહેર ઉપરાંત રાજકોટ અને સુરત શહેર ખાતે છેલ્લા દોઢ માસ દરમિયાન ભોગ બનનાર મહિલાઓ પાસેના કિંમતી સોનાના દાગીનાઓ ઠગાઇ કરી કોઇપણ રીતે મેળવી લીધા હતા.

તેમજ કાઢી લીધા હતા. આરોપીઓ સામે સુરત શહેરમાં બે અને વડોદરા શહેર અને રાજકોટ શહેર ખાતે એક-એક મળી કુલ ચાર ગુનાઓ નોંધાયેલા છે. આ ચારેય ગુનાઓમાં પકડાયેલ બે મહિલા સહિત ત્રણેય આરોપીઓની સંડોવણી જણાઇ આવી હતી. આ તસ્કરણી અને તેનો સાગ્રીત મોટે ભાગે વૃધ્ધ મહિલાઓને જ શિકાર કરવાની આદત ધરાવે છે. જુદી-જુદી તરકીબો અજમાવી છેલ્લા દોઢ-બે મહિનામાં મહિલાઓ પાસેના સોનાના દાગીનાઓ ઠગાઇ કરી મેળવી ગુનાઓ કર્યા હતા. આરોપી મહિલાઓ સાથે સાગરીત આરોપી વિશાલ શ્યામલાલ પણ નજીકમાં ઉભો હોઇ તેને પકડી લેવામાં પણ સફળતા મળી હતી. રાજ્યભરમાં આ ટોળકી વૃધ્ધાઓને નિશાન બનાવતી હોવાની વિગતો તપાસમાં ખુલવાની વકી છે.

# PI પાદરીયાનો કેસ નહિ લડવા બાર એસોશિયેશનમાં ઠરાવ થતા ચકચાર

### વકીલમિત્રોમાં આંતરિક કચવાટ : આજે બપોર સુધીમાં કેસ લડવો કે નહિ ? તે અંગે થશે ફેંસલો : બકુલ રાજાણી

રાજકોટ મિરર, તા.૨૯

રાજકોટમાં કણકોટ રોડ પર લગ્ન પ્રસંગમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર જયંતિ સરધારા અને પીઆઇ સંજય પાદરીયા વચ્ચે થયેલી મારામારીના પ્રકરણમાં કહેવાય છે કે, પીઆઇ પાદરીયાનો કેસ નહી લડવા બારોબાર ઠરાવ કરી નાખતા બાર એસોસિએશનના સભ્યોમાં કચવાટ પેદા થયો છે. બીજીબાજુ બાર એશોસીયેશનના પ્રમુખ બકુલભાઈ રાજાણીએ ‘‘રાજકોટ મિરર‘‘ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આવી મૌખિક વાત થઇ હતી પણ આવતીકાલે શનિવારે ૧૦૦ વકીલમિત્રો પોતપોતાની સહીવાળી એક લેખિત રજૂઆત દ્વારા ફેરવિચારણા કરવાની માંગ અથવા તો આ વાતમાં સમર્થન આપવું કે નહિ તે અંગે તેઓને રજૂઆત કરવાના છે ત્યારે બપોર સુધીમાં આ વાતનો ફેંસલો થઇ જવાની સંભાવના છે. ભાજપના સરધારા અને પીઆઈ પાદરીયા વચ્ચેના વિખવાદના ઘેરા પડઘા પડયા છે અને પીઆઇ પાદરીયા અને સરધારાના સમર્થનમાં પોસ્ટવોર શરૂ થઇ છે. ત્યારે પીઆઇ પાદરીયા અને સરધારાના વિખવાદમાં રાજકોટ બાર એસોસિએશને પણ ઝંપલાવ્યુ હોય તેમ બાર એસોસિયેશનમાં ગણગણાટ શરુ થયો છે કે, જેન્તી સરધારા બાર એશોસિયેશનના આજીવન સદસ્ય છે. એ કારણે કોઈ વકીલોએ આ કેસમાં ન રોકાવું જોઈએ તેવી ચર્ચાઓ બાદ ઠરાવ થઇ ગયાનાં આક્ષેપો થયા છે. બાર એસો.ના પ્રમુખ બકુલભાઈ રાજાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, બાર એશોસિયેશન રાજકીય રીતે કોઈ નિર્ણય કરતુ નથી. આવી વાત તેઓની પાસે આવશે અને ૧૦૦ વકીલ મિત્રો તેમની સહીવાળી લેખિતમાં રજૂઆત કરશે તો આ બાબતે ફેરવિચારણા કરવા વિચારાશે. મતલબ કે તાકીદની બોલાવાયેલી બેઠક દરમિયાન પ્રમુખ અને સેક્રેટરીએ કરેલા ઠરાવને સમર્થન આપવુ કે પછી ઠરાવ રદ કરવો તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

#### બાર એશો.નો ઠરાવ અને કલમ ૩૦૭ ઉડી જાય તેવા નિર્દેશ

સરધારા-પાદરીયાની બબાલથી જન્મેલો વિવાદ શાંત થવાનું નામ લેતો નથી. રાજકીય આગેવાન જે સંસ્થાઓના નામે ધમપછાડા કરે છે તે સંસ્થાના મુખ્ય કાર્યવાહકોએ સ્પષ્ટ કહી દીધું છે કે આ વાત બંનેની વ્યક્તિગત છે, સમાજને કાઈ લેવા દેવા નથી. મતલબ કે, હવે સરધારા સ્વબળે લડવા મેદાને પડ્યા છે અને હાલતા નિવેદનો ફેરવી રહ્યા છે, પહેલા મીડિયા સમક્ષ કહ્યું હતું કે સમાધાન થઇ જાય તો સૌ પોતપોતાનું કામ કરે, આજે આ વાત ફેરવી તોળીને સરધારાએ કહ્યું કે, હવે કોઈ કાળે સમાધાન નહિ કરું. બીજીબાજુ પોતાના પર પોલીસે ઉતાવળથી કલમ ૩૦૭ મુજબનો ગુન્હો નોંધ્યો છે અને ફરિયાદમાં હથિયારની ખોટી વાત દર્શાવાઈ હોવાથી હવે આ બાબતે કોઈપણ ભોગે લડી લેવા પાદરીયા મક્કમ બન્યા છે. કારણ કે તેઓને હિતેચ્છુઓનું ગજબનું સમર્થન છે. એટલે બાર એશો.નો ઠરાવ અને પીઆઈ સામેની કલમ ૩૦૭ ઉડી જાય તેવા નિર્દેશ મળી રહ્યા છે.

# GST ઈનપુટ ક્રેડીટ મેળવવાના કૌભાંડના સાતેય આરોપી એક દિવસના રિમાન્ડ પર

### હજુ વધુ શખ્શોના નામો ખૂલવાની પોલીસને આશા

રાજકોટ મિરર, તા.૨૯

રાજકોટ સહીત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જીએસટી ઈનપુટ ક્રેડીટ મેળવી લાખો રૂપિયાનાં આચરાયેલા કૌભાંડમાં ગુરુવારે ઝડપાયેલા સાતેય આરોપીના રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરાતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. રાજકોટ સહીત સૌરાષ્ટ્ર, હાલાર, ગોહિલવાડ અને સોરઠ વિસ્તારમાં જીએસટી ઈનપુટ ક્રેડીટ મેળવી લેવાના કૌભાંડમાં પોલીસે પહેલા પાંચ અને પછી સાત આરોપીઓને ઝડપી લીધા છે. અગાઉના પાંચેય આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજુર થતા જુદી જુદી થીયરી પર પોલીસે પાંચેયની સઘન પૂછપરછ આદરી છે. જ્યારે ગઈકાલે પકડાયેલા સાતેય આરોપીઓ પાસેથી મહત્વની કડીઓ મળવાની સંભાવના સાથે આજે રીમાન્ડની માંગણી માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાનું એસઓજીના પીઆઈ એસ.એમ.જાડેજાએ જણાવ્યું હતું.

પોલીસે ચારે બાજુ દરોડાનો દૌર યથાવત રાખતા અગાઉના પાંચ બાદ ગુરવારે વધુ સાત પેઢીના માલિકોને ઝડપી લેવાયા છે. જેમાં લખુભા નાનભા જાડેજા, મોટી ખાવડી, જામનગર પેઢીના લખુભાઈ નાનભા જાડેજા(રહે.મોટી ખાવડી), રિદ્ધિ ઈન્ફ્રાસ્ટ્રકચર ગાંધીનગરના શૈલેશ ઘનશ્યામ પટેલ (રહે.પ્લોટ ૧૯૬/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર ૨૫, ગાંધીનગર, ગ્લોબેટ્રા/ શિવમિલન પ્લાસ્ટિક, રતનપર, રાજકોટના પાર્થ મનોજ રોજીવાડીયા(રહે. સાધુ વાસવાની રોડ, સનસીટી, પર્લ-૮૦૨, રાજપેલેસ ચોક રાજકોટ, માં આશાપુરા ટ્રેડીંગ, કોઠારિયા રાજકોટના ભેરુસિંહ શંકરસિંહ રાજપુત(રહે. કોઠારિયા ગામ પાસે, ગણેશ પાર્ક, શેરી - ૧, બાલાજી ઇન્ડ. વિસ્તાર, મૂળ રાજસ્થાન), સિવિલ પ્લસ એન્જીનીયર મનિષ બળવંત જોબનપુત્રા(રહે. શક્તિ પાર્ક, સિદ્ધનાથ મંદિર પાછળ, ઝાંઝરડા રોડ, જુનાગઢ), જ્યોતિ ઈન્ફ્રાસ્ટ્રકચર, જુનાગઢના અલ્પેશ ગોબર હીરપરા(અમૃત પેલેસ એપાર્ટમેન્ટ, બી-૫૧૦, ગીરીરાજ મેઈન રોડ, બસસ્ટેન્ડ પાછળ, જુનાગઢ તેમજ ઇકરા એન્ટરપ્રાઈઝ, કોટડા સાંગાણીના ફિરોઝ અબ્દુલ જુણેજા(રહે.ગોકુલ ચોક, કોટડા સાંગાણી)નો સમાવેશ થાય છે. આ સાતેય આરોપીને આજે કોર્ટમાં રજુ કરી પોલીસે રીમાન્ડની માંગણી કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

પોલીસે જણાવ્યું હતું કે, આ કૌભાંડમાં હજુ પણ વધુ શખ્શોના નામો ખૂલવાની સંભાવના મજબૂત બની છે. રિમાન્ડ પર રહેલા બારેય આરોપીની જુદી જુદી થીયરી પર પૂછપરછ કરાઈ રહી છે. અમુક ગોળગોળ જવાબો આપે છે પણ રિમાન્ડ દરમિયાન વધુ માહિતી ઓકાવવા પોલીસ મક્કમ છે.

### શાંત શહેર રાજકોટમાં ડખ્ખાડુખ્ખીની ઘટનાઓ અટકતી જ નથીઃ વધુ બે સ્થળે બોલી ગઇ બટાઝટી

# સત્તર વર્ષ જુની પ્રેમિકાના ફોન નંબર માટે પ્રેમીનો જાહેરમાં બખેડો

### જુના મોરબી રોડના મહેશે ન્યુ જાગનાથ પ્લોટમાં જઇ પુર્વ પ્રેમિકાના ધર્મના માનેલા ભાઇ અનિકેત પાસે ફોન નંબર માંગી ખૂનની ધમકી દીધીઃ પુર્વ પ્રેમિકાને પણ ફટકારીઃ મહિલાનો નાનો ભાઇ પણ ડખ્ખામાં થયો સામેલઃ બંને સામે એફઆઇઆર દાખલ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૯**

શહેરમાં રોજબરોજ કોઇને કોઇ કારણોસર માથાકુટ થતી રહે છે. મારામારી અને ડખ્ખાના બનાવોને કારણે પોલીસને સતત દોડધામ રહેતી હોય છે. અલગ અલગ સ્થળોએ બનતી આવી ઘટના રોજીંદી છે. વધુ બે માથાકુટના કિસ્સા એ-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે. જેમાં મોરબી રોડ પર રહેતાં એક શખ્સે ન્યુ જાગનાથ પ્લોટમાં આવી ડખ્ખો કર્યો હતો. અહિ તેણે પોતાની સત્તર વર્ષ જુની પ્રેમિકાના ધર્મના માનેલા ભાઇને અટકાવી તેની પાસે તારી બહેનના ફોન નંબર આપ તેમ કહી ગાળાગાળી કરી હતી. એ પછી આ યુવાને ધર્મની માનેલી બહેનને બોલાવતાં બંને વાત કરતા હતાં ત્યારે જુના પ્રેમીએ ફરી આવી આ બંને ભાઇ બહેન સાથે મારામારી કરી હતી અને ધમકી આપી હતી. વળી આ ડખ્ખામાં એ શખ્સની સાથે યુવાનની ધર્મની માનેલી બહેનનો સગો નાનો ભાઇ પણ સામેલ હતો!

ચર્ચાના ચકડોળે ચડેલી આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસે ન્યુ રેલનગર શ્રીનાથજી પાર્ક-૩ પરિવાર બંગલો ખાતે રહેતાં અને ન્યુ જાગનાથ પ્લોટ હીરાપન્ના કોમ્પલેક્ષ પાછળ માટેલીયા સ્ટોક બ્રોકરની ઓફિસમાં પ્રાઇવેટ નોકરી કરતાં ત્રેવીસ વર્ષના અનિકેત દિનેશભાઇ મકવાણા નામના યુવાનની ફરિયાદ પરથી મોરબી રોડ જુના જકાતાનાકા નજીક ધોળકીયા સ્કૂલ પાસે રહેતાં મહેશ છગનભાઇ સોલંકી અને નિલકંઠ સિનેમા પાછળ નવરંગ ડેરી સામે બંધ શેરીમાં રહેતાં શની રામજીભાઇ ખચીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. અનિકેત મકવાણાએ જણાવ્યું હતું કે અગાઉ હું દસેક વર્ષ પહેલા રાજકોટમાં ઘડીયાળના કારખાનામાં કામ કરતો હતો ત્યારે મારી સાથે રેખાબેન મુકેશભાઇ મકવાણા પણ કામ કરતાં હતાં. રેખાબેનને ઘડીયાળના કારખાનામાં કામે આવતાં મહેશ છગનભાઇ સોલંકી સાથે પ્રેમસંબંધ હતો.

ત્યાર પછી રેખાબેનના લગ્ન મુકેશ મકવાણા સાથે થયા હતાં. આશરે નવ વર્ષ પહેલા રેખાબેનના પતિ મુકેશભાઇનું અવસાન થઇ ગયું હતું. તેણી મને રાખડી બાંધતા હતાં અને મને ભાઇ બનાવ્યો હતો. રેખાબેનને સંતાનમાં એક પુત્રી છે. છેલ્લા બે વર્ષથી રેખાબેનને મહેશ સોલંકી સાથે કોઇપણ પ્રકારના સંબંધ નથી. તેણી હાલ રૈયા ચોકડીએ ભાડાના મકાનમાં રહે છે. ગુરૂવારે સાંજે સવા પાંચેક વાગ્યે હું નોકરી કરુ છું ત્યાં ઓફિસ નીચેની શેરીમાં ફાકી ખાઇને પરત આવતો હતો ત્યારે શેરીમાં મને રેખાબેન સાથે સત્તર વર્ષ પહેલા જેને પ્રેમસંબંધ હતો તે મહેશ મને મળ્યો હતો. તેણે મને કહેલુ કે-તારી બહેન રેખાના નંબર આપ. પરંતુ મે મારી પાસે નંબર નથી તેમ કહેતાં તેણે-કંઇ વાંધો નહિ, સાંજના આઠ વાગ્યા સુધીમાં હું તને જોઇ લઇશ, તને મુકીશ નહિ તેમ કહી મારી નાખવાની ધમકી આપી ગાળો દીધી હતી.

પરંતુ મારી પાસે રેખાબેનના નંબર ન હોઇ તેના નાના બહેનને ફોન કરી મહેશ મારી પાસે આવી ગાળો દઇ ધમકી આપી જતો રહ્યાની વાત કરી હતી અને રેખાબેનને એ-ડિવીઝન પોલીસ સ્ટેશને મોકલવા કહ્યું હતું. થોડીવાર બાદ રેખાબેન



#### બીજા બનાવમાં ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં ગાદલાની કંપનીના કર્મચારીને સાથી કર્મચારીએ સોલ્યુશનના ડબલા ભરવા મામલે ધારદાર વસ્તુના ઘા ઝીંક્યા

મારી નોકરીના સ્થળ નજીક પાછલી શેરીમાં આવ્યા હતાં. અમે બંને વાતો કરી રહ્યા હતાં તે વખતે મહેશ સોલંકી અને રેખાબેનનો નાનો ભાઇ શની રામજીભાઇ ખસીયા પણ આવી ગયા હતાં. મહેશે રેખાબેનને કહેલુ કે-તું અનિકેત પાસે કઇ રીતે પહોંચી ગઇ? તેમ કહી રેખાબેનને ગાળો દેવા માંડ્યો હતો અને ઝાપટો મારવા માંડ્યો હતો. જ્યારે રેખાબેનના ભાઇ શનીએ મને પકડી લીધો હતો અને કહેલુ કે તું મારી બહેન અને મહેશની વચ્ચે કેમ આવે છે? તું વચ્ચેથી ખસી જા તેમ કહી ગાળો દીધી હતી. એ પછી શની અને મહેશ ટુવ્હીલરમાં બેસી નીકળી ગયા હતાં. ત્યારબાદ મેં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં અનિકેતે કહેતાં એ-ડિવીઝનના પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ યુ. કે. બાંભણીયાએ એફઆઇઆર દાખલ કરી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા ડખ્ખાની વિગતો પર નજર કરીએ તો ભકિતનગર સ્ટેશન પ્લોટમાં આવેલી ગાદલા બનાવતી કંપનીના ગોડાઉનમાં નોકરી કરતાં યુવાનને સાથે જ કામ કરતાં શખ્સે સોલ્યુશનના ડબલા ભરવાનું કહેતાં આ યુવાને ના પાડતાં તેને મારકુટ કરી માથામાં ધારદાર વસ્તુના ઘા ઝીંકી દેતાં નવ ટાંકા લેવા પડ્યા હતાં. અઠવાડીયા પહેલાની આ ઘટનામાં સમાધાનની વાત ચાલતી હતી. પણ સમાધાન ન થતાં ફરિયાદ નોંધાવાઇ હતી. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ કણકોટ રોડ પર વીર હનુમાન ટાઉનશીપ એ-વીંગ બ્લોક નં. ૩૧૨માં રહેતા બાવીસ વર્ષના યુવાનં કરણ અશોકભાઇ લોધાની ફરિયાદ પરથી જામનગર રોડ સત્યમ્ પાર્કમાં રહેતાં મનોજ હસમુખભાઇ ગોહેલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

આ બનાવમાં ભોગ બનનાર કરણ લોધાએ જણાવ્યું હતું કે હું મારા માતા અને નાના ભાઇ સાથે રહુ છું. મારા પિતા હયાત નથી. હું ભક્તિનગર સ્ટેશન પ્લોટ શેરી નં. ૫૫માં આવેલી સ્લીપવેલ કંપનીમાં ગાદલા બનાવવાનું કામ કરુ છું. ૨૧મીએ સવારે નવેક વાગ્યે હું કંપની ખાતે ગાદલા બનાવવાના ગોડાઉનમાં મારી નોકરી પર હતો, એ વખતે સાંજે સાતેક વાગ્યે ગાદલાનું માપ લેવાનું કામ કરતો હતો ત્યારે આ ગોડાઉનમાં જ કામ કરતાં મનોજે મને સોલ્યુશનના ડબલા ભરવાનું કહેતાં મેં તેને સોલ્યુશનના ડબલા ભરવાની ના પાડી હતી.

કરણે આગળ કહ્યું કે ક મારા શેઠે વધુ સોલ્યુશન લેવાની ના પાડી હતી, આથી મેં તેને સોલ્યુશનના ડબલા ભરવાની ના પાડી દીધી હતી. આ કારણે મનોજ ઉશ્કેરાઇ ગયો હતો અને મને ગાળો દેવા માંડ્યો હતો. મેં તેને ગાળો બોલવાની ના પાડતાં તેણે વધુ ઉશ્કેરાઇ મારી સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુ માર્યા હતાં અને એક ઝાપટ મારી પેટમાં પાટુ મારી દીધુ હતું. તેમજ તેની પાસે રહેલી કોઇ ધારદાર વસ્તુથી પણ મને બે ત્રણ ઘા માથાની જમણી બાજુએ મારી દેતાં હું લોહીલુહાણ થઇ જતાં સાથે કામ કરતાં જશવંતભાઇ મને દવાખાને લઇ ગયા હતાં. પરંતુ મને દવાખાને જવાની જરૂર ન લાગતાં અમે રસ્તામાંથી પાછા ગાદલાની કંપનીએ આવી ગયા હતાં. અહિ મને ઇજા થઇ હોઇ ત્યાં રૂ લગાવતાં લોહી બંધ થઇ ગયું હતું. એ પછી મેં સમગ્ર બનાવની જાણ અમારા શેઠ રાજેશભાઇને કરી હતી. તેમણે મને આ વાત ઘરે ન કરતો, આપણે વચલો રસ્તો કાઢશું તેમ કહેતાં રાતે હું ઘરે જતો રહ્યો હતો. રસ્તામાં મને ચક્કર આવતાં હોઇ રાતે અગિયારેક વાગ્યે ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને રજા લઇ ઘરે ગયો હતો. બીજા દિવસે બાવીસમી તારીખે મારા માતાએ મારા શેઠને વાત કરી હતી અને ત્યારે સમાધાનની વાત થઇ હતી. પણ હવે અમારે સમાધાન કરવું ન હોઇ પોલીસને હવે જાણ કરી હતી. ઇજાને કારણે માથામાં નવેક ટાકા લેવા પડ્યા હતાં. પીઆઇ આર. જી. બારોટની સુચના અનુસારં પીએસઆઇ એસ. એમ. રાણાએ ફરિયાદ દાખલ કરી હતી.

### જુદી જુદી પાંચ ઘટનામાં અલગ અલગ પરિવારોએ કાયમને માટે ગુમાવી દીધાં સ્વજનોને

# છ બહેનના એકના એક વીરાને નડી વાહન અકસ્માતની ઘાત

## કડીયા કામે જતી વખતે ત્રીસ વર્ષના હિરેનનું વાહન સ્લીપ થતાં મોતઃ બેતાલીસ વર્ષના હસમુખભાઇએ અકળ કારણે ઝેર પી જીવ દીધોઃ છપ્પન વર્ષના ગુણવંતીબેન ટીબીથી કંટાળી દુનિયા છોડી ગયાઃ છેતાલીસ વર્ષના કપિલભાઇ પડી ગયા બાદ મૃત્યુઃ છપ્પન વર્ષના જયંતિભાઇનો બેભાન હાલતમાં ગયો જીવ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૩૦**

વાહન અકસ્માત, આત્મહત્યા કે પછી કુદરતી અથવા તો હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થવાની ઘટનાઓમાં સ્વજનો ગુમાવનારા કુટુંબો, પરિવારો ઉંડા આઘાતમાં ગરકાવ થઇ જતાં હોય છે. વધુ આવા પાંચ બનાવો નોંધાયા છે. જેમાં એક ત્રીસ વર્ષના છ બહેનના એકના એક ભાઇ અને પરિવારના એક માત્ર આધારસ્તંભ યુવાનને અકસ્માત રૂપી ઘાત ભરખી ગઇ હતી. તેનું મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં તેનો જીવ ગયો હતો. બીજા યુવાને અકળ કારણોસર ઝેર પીને, એકમહિલાએ બિમારીથી કંટાળીને એસિડ પીને આપઘાત કર્યો હતો. તો એક આધેડ ઘરમાં પડી જતાં માથામાં ઈજા થતાં ઓપરેશન કરાવાયા બાદ તેમના શ્વાસ થંભી ગયા હતાં. એક પ્રૌઢનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતુ.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો સોમનાથ વેરાવળના છ બહેનના એકના એક ભાઇ એવા ત્રીસ વર્ષના યુવાનનું મોટરસાઇકલ સ્લીપ થઇ જવાને કારણે ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. માહિતી અનુસાર વેરાવળમાં ગણેશ મીલ પાછળ રહેતો ત્રીસ વર્ષનો હિરેનભાઇ કચરાભાઇ ગોહેલ નામનો યુવાન ગત ત્રેવીસમી નવેમ્બરના રોજ પોતાનું મોટરસાઇકલ હંકારીને પીપળવા ગામ નજીક સાઇટ પર કામે જતો હતો ત્યારે સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં કોડીનાર સારવાર માટે દાખલ કરાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પ્રદ્યુમનનગર પોલીસે પ્રાથમિક કાગળો કરી કોડીનાર પોલીસને જાણ કરી હતી. કરૂણતા એ છે કે મૃત્યુ પામનાર હિરેનભાઇ કડીયા કામ કરી ગુજરાન ચલાવતો હતો. તે છ બહેનનો એકનો એક ભાઇ હતો. પરિવારનો આધારસ્તંભ એકલૌતો દિકરો છીનવાઇ જતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.



બીજા બનાવની વિગતો અનુસાર ધોરાજીના ભુખી ગામે રહેતાં બેતાલીસ વર્ષના હસમુખભાઇ નાથાભાઇ વાઘેલા નામના યુવાનેગામની સીમમાં જઇ ઝેરી દવા પી લેતાં ધોરાજી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ ગત મોડી રાતે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આપઘાત કરનાર હસમુખભાઇ છુટક મજૂરી કરતાં હતાં. સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. પોતે પાંચ બહેન અને ત્રણ ભાઇમાં નાના હતાં. આપઘાતનું કારણ પરિવારજનો જાણતા ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ત્રીજા બનાવમાં રાજકોટના રૈયા રોડ પર હનુમાન મઢી નજીક શીવપરા-૧માં રહેતાં છપ્પન વર્ષના ગુણવંતીબેન દિપકભાઇ પરમાર નામના મહિલાએ ગઇકાલે ઘરે એકલા હતાં ત્યારે એસિડ પી લીધુ હતું. પરિવારજનોને જાણ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનારા ગુણવંતીબેનને એક પુત્ર અને એક પુત્રી છે. તેમના પતિને પણ પેરેલિસિસ એટેક હોઇ પથારીવશ છે. ગુણવંતીબેનને ટીબી થઇ ગયું હોઇ તેની દાવ ચાલુ હતી. આ બિમારીથી કંટાળી જતાં એસિડ પી ગયાનું તેમના સગાએ જણાવ્યું હતું.

ચોથા બનાવમાં જામનગરમાં રણજીત સાગર રોડ પર વસંત વાટીકમાં રહેતાં છેતાલીસ વર્ષના કપિલભાઇ રજનીભાઇ કવાનું મગજનું ઓપરેશન કરાવવામાં આવ્યા બાદ તબિયત બગડતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેમનું આજે સવારે મૃત્યુ થતાં પરિવામાં ગમગીની છવાઇ ગઇ હતી. કપિલભાઇ કવા ગત વીસમી તારીખે ઘરમાં પડી જતાં ઇજા થઇ હતી અને પેરેલીસીસનો એટેક આવી ગયો હતો. જામનગર ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાવામાં આવતાં મગજનું ઓપરેશન કરવું પડે તેમ હોવાનો અભિપ્રાય આવતાં પરિવારજનોએ ઓપરેશન કરાવડાવ્યું હતું. પરંતુ બાદમાં કપિલભાઇની તબિયત વધુ લથડતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. અહિ મોત નિપજ્યું હતું. મૃત્યુ પામનાર કપિલભાઇ એલ્યુમિનીયમ સેક્શનનું કામ કરતાં હતાં. તે બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ઘટનાથી પરિવારજનો આઘાતમાં ગરક થઇ ગયા હતાં.

પાંચમા બનાવમાં ગોંડલ રોડ પર આવેલા સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં જયંતિભાઇ સવજીભાઇ સાકરીયા નામના છપ્પન વર્ષના પ્રૌઢ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આમ વધુ પાંચ બનાવોમાં અલગ અલગ પરિવારોએ પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દીધા હતાં.

# જુનાગઢના ત્રણેય ધાર્મિક સ્થળોમાં મુકાયા વહિવટદાર

### મહંતોના વિવાદ વચ્ચે સરકારે લીધો નિર્ણય : વિવાદથી ભવનાથ તળેટીમાં આક્ષેપોની સટાસટી



મહેશગીરી | ગીરીશ કોટેચા | અનિલકુમાર રાણાવસીયા જિલ્લા કલેકટર

રાજકોટ મિરર, તા.૨૯

જૂનાગઢમાં તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા પછી અહી ગાદી માટે સાધુ-સંતોમાં વિવાદના બીજ રોપાઈ ગયા છે. બીજીબાજુ સરકારે તક ઝડપીને જુનાગઢના ત્રણેય પ્રખ્યાત ધર્મસ્થળોએ મામલતદારને વહીવટદાર તરીકે કલેકટર દ્વાર નીમી દેવાયા છે. જુનાગઢમાં ગાદીના વિવાદમાં ચર્ચાના ચકડોળે ચેડલા અંબાજી મંદિર, ગુરૂ દતાત્રેય શિખર અને ભીડભંજન મહાદેવ મંદિરમાં જિલ્લા કલેકટરે મામલતદારને વહિવટદાર તરીકે નિમણુંક કરી ત્રણેય ગાદીનો વહીવટ સરકાર હસ્તક લઇ લીધો છે અને મહંત મહેશગીરી દ્વારા જાહે કરવા આવેલ ફંડના પત્રની એફએસએલ દ્વારા તપાસ શરૂ કરાવતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

જૂનાગઢ - તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ શરૂ થયેલા ગાદીના વિવાદને લઈને જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ અંબાજી મંદિર, ગુરૂ દત્તાત્રેય શિખર અને ભીડભંજન મહાદેવ મંદિરના મહંતની જગ્યા ખાલી પડી છે. ૧૯૮૩ માં તનસુખગીરી બાપુની મહંત તરીકે નિયુક્તિ થઈ હતી, વીલના આધારે આ નિયુક્તિ થઇ હતી. હાલની સ્થિતિએ જૂનાગઢ શહેરના મામલતદારની ત્રણેય જગ્યાના વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. હરીગીરી બાપુની નિમણૂક શરતોને આધારે થઈ છે કે કેમ તેની તપાસ ચાલુ છે. રૂપિયાની લેવડદેવડ નો પત્ર વર્ષ ૨૦૨૧ નો છે જેમાં ઉંડાણપૂર્વક નિષ્પક્ષ તપાસ ચાલી રહી છે, પત્રના ઉદભવ સ્થાન અંગે તપાસ થશે, જરૂર પડે એફએસએલની મદદ લેવાશે. સમગ્ર મામલે સરકાર ગંભીરતા દાખવી રહી છે, હાલ શરતો મુજબ કામગીરી થાય છે કે કેમ તેની તપાસ ચાલુ છે તપાસ પૂર્ણ થયે હકીકત બહાર આવશે, ત્યારબાદ જ કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે સરકારના પ્રતિનિધિ તરીકે ધારાસભ્ય સંજય કોરડીયા અને શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા એ મહેશગીરી બાપુ અને હરીગીરી બાપુ સાથે કરી હતી બંધ બારણે બેઠક કરી હતી અને સરકાર દ્વારા યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવતાં બંને સંતોએ સહમતી દર્શાવી હતી.

### ગીરીશ ગોટેચાના નિવેદનથી મહંત મહેશગિરી ભડક્યાં

સાધુઓના વિવાદ મુદ્દે અગાઉ જૂનાગઢના પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચાએ નિવેદન કર્યા હતા. હવે આ નિવેદન મુદ્દે ભૂતનાથના મહંત મહેશગિરીએ ગિરીશ કોટેચાને આડેહાથ લીધા છે. તેમણે કહ્યું કે, 'તમે એક બાથરૂમ બનાવી શકતા નથી અને જૂનાગઢનો ઠેકો લીધો હોય તેમ કોઈપણ વાતમાં બફાટ કરવા લાગો છો. ભવનાથ મંદિર ધાર્મિક ટ્રસ્ટ હોવા છતાં તેને સાર્વજનીક ટ્રસ્ટ બનાવી તેમાં ટ્રસ્ટી બની મંદિર હડપ કરવાનો કોટેચાએ પ્રયાસ કર્યો.' ભૂતનાથના મહંત મહેશગિરીએ જૂનાગઢના પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચા પર આક્ષેપો કરતા કહ્યું કે, 'જ્યારે કોઈ મુર્ખતા પૂર્વકની વાત કરવાની હોય તેમાં પાર્ટીએ પડવું ન હોય ત્યારે એક વ્યક્તિને આગળ કરી દે છે અને એ ભાઈનું નામ છે ગિરીશ કોટેચા. તું છે કોણ, તું કોઈ શંકરાચાર્ય છે? બંને સાધુ શાંત થાવ એમ કહીં હાથ ઊંચા કરી આર્શીવાદ આપવા માંગે છો, તું છે શું ? રાજકારણવાળા તમામ આ બાબતથી દૂર રહેજો, અમારો મામલો છે અમે જોશું તંત્ર અને સરકાર જોઈ લેશે, તે જૂનાગઢનો ઠેકો લઈ રાખ્યો છે, ધર્મનો ઠેકો લઈ રાખ્યો છે. 'ભવનાથ મંદિર ગુરુ શિષ્ય પરંપરાનું છે. આ હડપવું હતુ એટલ આ ધાર્મિક ટ્રસ્ટમાં સાર્વજનીક ટ્રસ્ટ બનાવી પોતે ટ્રસ્ટી બનવા માટે અપીલ કરી છે. શૈલજાદેવીને પણ ચિમકી આપી હતી કે, મારે તમારા વિશે કંઈ કહેવું નથી તમે મૌન રહેજો નહીં તર હું બધાની ફાઈલો ખોલીશ. હું જૂનાગઢના રાજકારણમાં ઘૂસ્યો નથી, રાજકારણની વાત કરી નથી, હું ગિરનાર અને ધર્મ સિવાય કંઈ વાત કરતો નથી.' ભાજપે આવા માણસોને પાર્ટીમાંથી બહાર કાઢી નાખવા અંગે મહેશગિરિએ જણાવ્યું હતું કે, 'ભાજપના મોવડી મંડળને કહું છું કે, આવા માણસને પાર્ટીમાં રાખો છો જેના લીધે તે બહારથી આવા માણસોને લાવી પાર્ટી, જૂનાગઢ અને ધર્મને બદનામ કરે છે, સાધુ-સંતોને સલાહ આપે છે, સફાઈ અભિયાન શરૂ થયું છે તેના ભાગરૂપે કોના પરમાં કયા કર્મચારીઓ કામ કરતા હતા એ બધુ બોલવું નથી, શાંતી રાખો અને જો હવે કોઈ નિવેદન આવ્યું તો જૂનાગઢમાં ઘૂસી અને કોણ કોના કામમાં પાર્ટનર છે, તળાવમાં શું ભૂમિકા ભજવી છે, પુરી-શાકમાં બંગલા બને નહીં.' આમ, ગિરીશ કોટેચાને મહેશગિરિએ આડેહાથ લેતા જૂનાગઢ સહિત ગુજરાતભરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

### મહેશગીરીએ હિન્દુ-જૈનોને બધાવ્યા છે, તેની સાથે ભાજપને સંબંધ તોડવા હાકલ કરતા કોટેચા

જૂનાગઢ અંબાજી મંદિર ગાદી વિવાદ મામલે ગઇકાલે મહેશગીરીએ પૂર્વે ડે.મેયર ગીરીશ કોટેચા પર કરેલા આક્ષેપો બાદ આજે રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ કરી ગીરીશ કોટેચાએ પ્રતિઆક્ષેપો કરીને જણાવ્યું હતુ કે, મહેશગીરી દૂધે ધોયેલા નથી. તેની સીબીઆઇ તપાસ કરવાની પણ માંગ કરી છે. આ વિવાદ વધુ ઉગ્ર બને તેવા એંધાણ છે. આજે કરેલી પ્રેસ કોન્ફરન્સમાં ગીરીશ કોટેચાએ જણાવ્યું હતુ કે, મહેશગીરી જુનાગઢના સાધુ સંતોની ગાદીઓ પર નજર નાંખતા પહેલા પોતાના ગીરેબાન પર નજર નાંખે જુનાગઢના ગુરૂદતાત્રેના કમંડળકુંડના અમૃતગીરી બાપુના સંપર્કમાં આવ્યો અને મહેશગીરી અમૃતગીરી બાપુની નજીક આવ્યો. કમંડળકુંડના અમૃતગીરીનું અવસાન થયું તે પણ શંકાના દાયરામાં છે. મહેશગીરી ગાદીપતિ બન્યો અને તેના હાથના કમંડળકુંડ અને ભેસાણમાં અમૃતગીરીની જગ્યાનો કબ્જો લઈ લીધો હતો.મહેશગીરી ભવનાથમાં આવ્યા બાદ શ્રી શ્રી રવિશંકરના સંપર્કમાં આવ્યો અને તેને આર્ટ ઓફ લીવીંગમાં લઈ ગયા જયાં તેને શ્રી શ્રી રવિશંકરને હિપનોટાઈઝ કરી લીધા અને તેના પર પગ મુકી રાજકારણમાં એન્ટ્રી કરી અને દિલ્હી સાંસદની ચુંટણી ભાજપમાંથી લડી સાંસદ બન્યા હતા.

# સંજયનગરના યુવાનને ચાચા-ભતીજાની જોડીએ કારના સોદામાં છેતર્યો

## લોનવાળી કાર લેવા ઇચ્છતા યુવાન અસમલે મિત્ર રઇશને વાત કરતાં રઇશે પોતાના કાકાની કાર વેંચવાની છે કહી ૩.૧૪ લાખમાં સોદો કર્યોઃ રોકડા લઇ લીધા બાદ 'મારો સામાન કારમાં છે તે મુકીને આવ' કહીને ગયો તે ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૨૯**

ગઠીયાઓ અવનવા અખતરાઓ કરીને ગામને છેતરી લેતાં હોય છે. ઠગાઇના વધુ એક બનાવમાં જામનગર રોડ પર સંજયનગરમાં રહેતા યુવાન સાથે કારની ખરીદીમાં છેતરપીંડી થઇ છે. તેણે સેકન્ડહેન્ડ સ્વીફટ કાર ખરીદ કર્યા બાદ તેના નક્કી કરેલા રૂપિયા પણ ચુકવી દીધા હતાં. પરંતુ આ પછી કાર વેંચનાર સહિત બે જણાએ અમે હમણા આ કારમાં સામાન મુકીને પાછા આવીએ છીએ તેમ કહીને કાર લઇને ગયા બાદ પાછા જ આવતાં અને કાર કે પૈસા કંઇ પરત ન કરતાં બંને સામે ૩ લાખ ૧૪ હજારની છેતરપીંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં જામનગર રોડ પર સંજયનગર-૧ માં રહેતા ઓગણત્રીસ વર્ષના અસલમ અહેમદભાઇ હીંગોરાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં દુધસાગર રોડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કવાર્ટરમાં રહતાં રઇશ રમઝાનભાઇ રાઉમા અને માળીયા મિયાણામાં રહેતા કાકા ફકીરમામદ બાઉદીનભાઇ રાઉમા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. અસલમ ઈમીટેશન જવેલરીનો વેપાર કરે છે. ગત તા. ૨૬/૭ ના રોજ તેને કાર ખરીદવાની હોઇ તે બાબતે પોતાના મિત્ર રઇશને વાત કરતા તેણે કહેલ કે મારી પોતાની સ્વીફટ કાર જીજે ૩૬ એએલ-૭૯૦૦ ની છે. તે મારા કાકા ફકીરમામદના નામે છે અને તેના નામની લોન ચાલુ છે. આ ગાડી વેચવાની છે.

મિત્ર રઇશની વાત સાંભળી અસલમે કાર બતાવવાનું કહેતા તે તા. ૨૨/૭ ના રોજ સ્વીફટ કાર પોતાના ઘર પાસે લઇને આવ્યો હતો અને કાર બતાવી હતી. બાદ અસલમને કાર પસંદ આવતા રઇશે તેના કાકા ફકીરમામદને ફોન કરી પોતાની સાથે વાત કરાવી હતી અને ગાડીનો સોદો કર્યો હતો તે મુજબ રૂ.૩.૧૫ લાખ રોકડા ચુકવવાના નકકી થયા હતા. તેમજ જે લોન ચાલુ હોઇ તેના બાકીના હપ્તા રૂ.૧૭૨૦૦ લેખે અસલમને ભરવાના હતા તેવું નકકી થયુ હતુ. આ પછી અસલમને ટંકારામાં હર્ષદભાઇ પાસેથી રૂ.૨.૧૫ લાખ લેવાના હોઇ જેથી પોતે રઇશને કહેલ કે આપણે ટંકારા જઇને મારા મિત્ર પાસેથી રૂ.૨.૧૫ લાખ લઇ આવીએ.



આવુ કહેતા તેણે હા પાડતા અસલમ તથા રઇશ બંને સ્વીફટ કાર લઇને ટંકારા ગેલેકસી હોટલમાં ગયા. ત્યારે ત્યાં મિત્ર હર્ષદભાઇએ પોતાને રૂ.૨.૧૫ લાખ આપ્યા હતા. આ રૂપિયા પોતે હોટલના માલીક નિલેશભાઇ વ્યાસ પોતાના મિત્ર હોઇ તે અને મિત્ર હર્ષદભાઇ પાંચોટીયા આ બંનેની હાજરીમાં પોતે રઇશને રૂ.૨.૧૫ લાખ આપ્યા બાદ રઇશના કાકા ફકીરમામદને ફોન કરીને રૂ.૨.૧૫ લાખ તમારા ભત્રીજાને આપી દીધા છે. તેમ કહેતા તેના કાકા ફકીરમામદે કહેલ કે બાકીના રૂ.૧ લાખ મારા મોબાઇલ નંબર ઉપર કરી દો અને હું તમને ગાડીનું લખાણ આવીને કરી આપીશ. જેથી આ રઇશ પોતાનો મિત્ર હોઇ પોતે વિશ્વાસમાં આવ્યા બાદ પોતે ઘરે જઇ રઇશના કાકા ફકીરમામદના કહેવા મુજબ પોતે ફકીરમામદના મોબાઇલ નંબર પર રૂ. ૯૯,૯૯૯ ગુગલ પે કર્યા હતા. ત્યારબાદ રાત્રે રઇશે અસલમને સ્વીફટ કાર આપી દીધી હતી અને કહેલુ કે હવે તમે આ ગાડી તમારી પાસે રાખજો, પરંતુ તેમા મારો સામાન પડેલો છે તે હું ઘરે મુકતો આવુ. તેમ કહી રઇશે કાર લઇને નીકળી ગયો હતો.

રઇશ કાર લઇને તેના ઘરે ગયો બાદ ઘણીવાર થવા છતાં પરત ન આવતા અને તેને ફોન કરતા ફોન પણ ન ઉપાડતાં અસલમે તેના કાકા ફકીરમામદને ફોન કરતા તેણે પણ ફોન ઉપાડયો ન હતો. ત્યાર બાદ પોતે અવાર-નવાર ફોન કરતા રઇશ ફોન ઉપાડતો ન હોઇ પોતે તેના ઘરે તપાસ કરતા રઇશનો પતો ન લાગતા પોતાની સાથે છેતરપીંડી થઇ હોવાની ખબર પડતા પોતે ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે કાકા-ભત્રીજા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. પોલીસ ઇન્સ્પેકટર કે. જે. કરપડાના માર્ગદર્શનમાં પી.એસ.આઇ. એ.એસ. મકરાણીએ વધુ તપાસ શરૂ કરી હતી.





### ૨૦૦૭માં કોન્વેકશન હોલનું થયું ખાતમુહર્ત આજ દિન સુધી, બાંધકામના નામે મીંડુ

# તાજમહેલ નિર્માણનો રેકોર્ડ બ્રેક કરશે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## તત્કાલીન કુલપતિ બાદ ત્રણ કાયમી કુલપતિ અને એક ઇન્ચાર્જ કુલપતિ બદલાયા છતાં સ્થિતિ જેવી છે તેવી જ : જગ્યા ખંઢેર બની, જવાબદારી કોની?

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમગ્ર ગુજરાતમાં પોતાનું એક અલગ જ સ્થાન ધરાવે છે ત્યારે આ યુનિવર્સિટી એક નહીં અનેકવિધ કૌભાંડો માં પણ હેડલાઈનમાં જોવા મળી છે. ત્યારે ફરી એક વખત અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૭માં રાજ્યપાલના હસ્તે કોન્વોકેશન હોલનું ખાતમહૂર્ત કરવામાં આવ્યું હતું ત્યારે આ કિસ્સામાં આજ દિન સુધી એટલે કે ૧૭ વર્ષ જેટલો માતબર સમય વીતી ગયો છે હજુ પણ આ હોલનું કામ શરૂ થયું નથી. કહી શકાય કે તાજમહેલ બનતા ૧૭ વર્ષ થયા હતા ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નો કોન્વોકેસન હોલ તે રેકોર્ડને પણ તોડી નાખશે. હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાનો રોજ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જે યુનિવર્સિટી વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલ કરે છે તે રૂપિયા હોલમાં નાખી દેવામાં આવતા હોય તેવું લાગે છે કારણ કે પાંચ દિન સુધી જો કામ પૂર્ણ થયું ન હોય તો તે એક નહીં અનેક પ્રશ્નો ઉભા કરે છે. બીજી તરફ હાલ આ જગ્યા અત્યંત ખંઢેર જેવી થઈ ગઈ છે અને અવાવરી જગ્યા હોવાના કારણે અસામાજિક તત્વોનો અડ્ડો પણ બની ગયો છે ત્યારે ખરા અર્થમાં યુનિવર્સિટી સત્તાધીશોએ આ અંગે ગંભીરતા કેળવી ખૂબ જરૂરી છે અને જો આ અંગે કોઈ યોગ્ય નિર્ણય અથવા તો ઉકેલ ઝડપભેર લેવામાં નહીં આવે તો આ મુદ્દે વિપક્ષ વિરોધ પ્રદર્શન કરે તો પણ નવાઈ નહીં. પરંતુ સૌથી મહત્વની વાત તો એ છે કે ૧૭ વર્ષ જેટલો સમય વીતી ગયો હોય છતાં કેમ યુનિવર્સિટી સત્તાધીશો આ અંગે કોઈ ડગલું આગળ માંડતા નથી.

હાલ જે વિગતો મળી રહી છે તેમાં જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ કમલેશ જોષી પૂરા હતા તે સમયે આ પન્વોકેષણ હોલનું કામ શરૂ કરવામાં આવ્યું હતું જેને આજે ૧૭ વર્ષ પુરા થઈ ગયા છે છતાં હજુ પણ આ અંગે યુનિવર્સિટી સત્તાધિશો દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી જે ઘણી ખરી શંકા પણ ઉપજાવે છે. હાલની સ્થિતિને ધ્યાને લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું નામ આવતા જ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફાફડાટ મચી જતો હોય છે કે કંઈક નવું કોભાંડ યુનિવર્સિટી દ્વારા આચરવામાં આવ્યું હોઈ શકે છે ત્યારે હજી સુધી કોન્વેકશન હોલ ન બને તે એક નહીં અનેક વિકટ પ્રશ્નો ઉભા કર્યા છે. હાલ કોંગ્રેસે એક અજીબ જ માંગણી કરી છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે જે પણ વ્યક્તિ ખંઢેરનું નામકરણ કરશે અને નાટકીય રીતે ઉદઘાટન કરશે તો તેઓને ૫૦૦૦ નું ઈનામ આપવામાં આવશે. આ વિરોધ સૂચવે છે કે યુનિવર્સિટી સત્તાધિશો દ્વારા જે કામગીરી કરવામાં આવી છે તેનાથી લોકો અને વિપક્ષ ત્રાહિમામ પોકારી ઉઠ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૭ માં વિદ્યાર્થીઓ માટે કોન્વોકેશન હોલ બનાવવામાં આવશે તેવી જાહેરાત તત્કાલિન કુલપતિ કમલેશ જોશીપુરા દ્વારા પદવીદાન સમારંભ વખતે રાજ્યપાલની હાજરીમાં કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા ટેન્ડર વગર કોન્વોકેશન હોલ નું કામ મડતિયા કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યું હતું. આ હોલ કાયદા ભવન પાછળ બનાવવામાં આવશે તેવું જાહેર કરાયું હતું. આ હોલનુ ખાત મુહર્ત કમલેશ જોશીપુરા અને કલ્પક ત્રિવેદી દ્વારા સંઘ અગ્રણી મજદૂર સંઘના રાષ્ટ્રીય નેતા હસુભાઈ દવેના વરદ હસ્તે કરાવવામાં આવ્યું હતું.

હોલ બનાવવામાં ૨ કરોડ જેટલી રકમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોન્ટ્રાક્ટરોને ચૂકવી આપવામાં આવી હતી. સત્તર વર્ષ પછી પણ આ હોલ વાપરી શકાય તેવો થયો નથી. જોશીપુરા દ્વારા ટેન્ડર વગર અપાયેલ કામ પાછળ મડતિયા કોન્ટ્રાક્ટર ૨ કરોડની રકમ લઈ ગયો. સત્તર વર્ષ પહેલા ૨ કરોડમાં આ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. અરે કોન્ટ્રાક્ટર દ્વારા આટલા વર્ષ કયા કારણોસર વીતી ગયા તેનો કોઈ અંદાજો નથી અને તે મુદ્દે હાલ યુનિવર્સિટી સત્તાધીશોએ પણ મૌન સેવી લીધું છે. આટલા વર્ષ વિત્યા બાદ પણ આ કોન્ટ્રાક્ટર અને જવાબદાર સતાધિસો વિરુદ્ધ પોલીસ કેસ પણ દાખલ કરવામા નથી આવ્યો ! કોન્ટ્રક્ટરને બ્લેક લિસ્ટ પણ કરવામા નથી આવ્યો ! યુનિવર્સિટીએ કોન્ટ્રાક્ટરને ચૂકવેલી રકમની વસૂલી પણ કરવામા નથી આવી તેમજ કોન્ટ્રાક્ટરએ જમા કરાવેલી સેફ્ટી ડિપોઝિટ પણ ફીઝ કરવામા નથી આવા અનેક પ્રશ્નો હાલ સામે આવ્યા છે જેનો જવાબ યુનિવર્સિટી પાસે નથી. હાલ યુનિવર્સિટી ના સત્તાધિશો દ્વારા પ્રધાનમંત્રી ઉષા પ્રોજેક્ટ હેઠળ સો કરોડ રૂપિયાના બાંધકામો તાજેતરમાં જ મંજૂર કરવામાં આવ્યા પરંતુ ૧૭ વર્ષ જૂના ઓડિટોરિયમ હોલ નું કામ હજુ સુધી પૂર્ણ કરવાનો વિચાર યુનિવર્સિટીને આવતો નથી તે શંકા પણ ઉપજાવે છે.

કુલપતિ જોશીપુરા દ્વારા ખાત મુહૂર્ત થયું અને સત્તર વર્ષે ઉદઘાટન તો દૂર, ખંઢેર થયેલ ઈમારત કોઈ જોવા પણ જતું નથી. વિદ્યાર્થી ઓની ફી માં થી કરોડો રૂપિયા ખંડેરમાં ફેરવાઈ ગયા. વર્ષો વિત્યા બાદ ત્રણ ત્રણ કુલપતિ બદલ્યા છતા પણ હજુ કોઇએ કાંકરી પણ ચલાવી ના શક્યા હોય તેનાથી વધુ આ મોદી સરકારની નિષ્ફળતા શુ હોય શકે તેવા આક્ષેપો કરવામા આવ્યા હતા. આ ખંઢેર નું નામકરણ ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ કોંગ્રેસ દ્વારા નાટકીય સ્વરૂપે કરવામાં આવશે. કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે વધુ જણાવ્યુ હતુ કે કોંગ્રેસ દ્વારા અમે સ્પર્ધા જાહેર કરી છીએ કે આ ખંઢેરનું નામકરણ કરવા શ્રેષ્ઠ નામ સૂચવનાર વ્યક્તિને ૫૦૦૦ નુ ઈનામ આપવામાં આવશે.

### સત્તાધીશો આ અંગે તપાસ કરશે કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશો સમક્ષ આ અંગે રજૂઆત પણ કરવામાં આવેલી છે ત્યારે શું તેમના દ્વારા આ મુદ્દે તપાસ હાથ ધરવામાં આવશે કે કેમ તે પણ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. હાલ મહત્વની વાત તો એ છે કે ખરા અર્થમાં યુનિવર્સિટીના લોકોએ તથા તજજ્ઞોએ પ્રકાશ પાડવાની જરૂર છે કારણ કે જે કોન્વેકશન હોલ બનશે તેનાથી વિદ્યાર્થીઓને જ ફાયદો થશે. પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના સત્તાધીશો જે રીતે રાજકારણ રમી રહ્યા છે તેનાથી વિદ્યાર્થીઓને ઘણી ખરી મુશ્કેલીનો સામનો કરવો પડે છે દરેક યુનિવર્સિટી ની વાત કરવામાં આવે તો તેઓને કોન્વેકશન હોલ હોતો જ હોય પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આટલા વિશાળ જગ્યામાં પથરાયેલી છે છતાં ૨૦૦૭માં ખાતમુરત થયેલ યુનિવર્સિટીમાં આજે પણ કોન્વેકશન હોલ નથી.

# ચામુંડા ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ સહિત અનેક પર ફૂડ વિભાગની તવાઈ

## ૫૦ નમૂનાની સ્થળ પર જ કરવામાં આવી તપાસ જ્યારે ચાર કિલો અખાદ્ય જથ્થો કરાયો નાશ





રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ એટલે કે આરોગ્ય વિભાગ દ્વારા રાજકોટના તમામ ઝોન વિસ્તારમાં હાલ કામગીરી કરવામાં આવી રહી છે જેમાં ચીજ વસ્તુઓનો ઉપયોગ અને વપરાશ કરતા હોય તે તમામ ઉપર હાલ તવાઈ બોલાવવામાં આવી છે. મહત્વની વાત તો એ છે કે આ તમામ જગ્યાઓ પર ફૂડ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને જે જગ્યાએ રીતે જોવા મળે તેને નોટિસો પણ પાઠવવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચુનારાવાડ ચોક રાજકોટ મુકામે આવેલ ‘‘ચામુંડા ફરસાણ સ્વીટ માર્ટ‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ વાસી અખાદ્ય ખમણ અને ભજીયાનો અંદાજીત ૦૨ કિ.ગ્રા. જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચુનારાવાડ ચોક રાજકોટ મુકામે આવેલ ‘‘સદગુરુ એજન્સી‘‘ પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ વાસી અખાદ્ય નમકીનનો અંદાજીત ૦૨ કિ.ગ્રા. જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને લાઇસન્સ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા ૠૠ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સત્યસાંઈ મેઇન રોડ, રાજનગર ચોક થી માયાણી ચોક તથા રેલનગર વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૫૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૨૫ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૫૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

### ૨૫ પેઢીઓને લાયસન્સ મેળવવા આપવામાં આવી નોટિસ

રાજકોટમાં સ્થિત મેગી સેન્ટર, પટેલ નાસ્તા સેન્ટર, રાધે હોટલ, બાલાજી પાન અને કોલ્ડ્રિંક્સ, પટેલ પાન, રઘુવંશી પાન, જય શક્તિ ડેરી ફાર્મ, જય સોમનાથ ખમણ, શક્તિ પાન, એફડી સુપરમાર્ટ, એક્સ–વાય–ઝેડ મેડિકલ સ્ટોર, જય વેલનાથ ઘૂઘરા, જય બાલાજી ડેરી ફાર્મ, ખોડીયાર જનરલ સ્ટોર, જીવા આઈસ્ક્રીમ, કલેજાની ચા, ચામુંડા કૃપા ફાસ્ટ ફૂડ, રાધે જનરલ સ્ટોર, કાકા સોડા શોપ, બાલાજી સાઉથ ઈન્ડિયન, ડીલક્સ દાળ પકવાન, વહી આનંદ ભોજનાલય, ગોલીવાલા સોડા, જય સીયારામ પૂરી શાક અને જય પીપરવાળી નાસ્તા ગૃહને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

### વિવિધ પેઢીઓમાં નમૂનાની કરાઈ ચકાસણી

ક્રિષ્ના સુપર માર્કેટ, આનંદ સ્ટોર, ગોવર્ધન ડેરી ફાર્મ, ક્રિષ્ના માવા કેન્ડી, પાર્થ કેમેસ્ટ, ક્રિષ્ના ચાઈનીઝ પંજાબી, ક્રિષ્ના લાઇવ પફ, પટેલ ડાઈનિંગ હોલ, ધ ટેડ હબ, મારુતિ રેસ્ટોરન્ટ, સ્નેહ હર્ષ પાર્લર, ઓમ ખમણ, રાજ વૈભવ આઈસ્ક્રીમ, શક્તિ નમકીન, આશાપુરા કોલ્ડ્રીંક્સ, સિલ્વર બેકરી કેક શોપ, એકે બેકરી કેક શોપ, ગોકુળીયુ ફેમિલી રેસ્ટોરન્ટ, ક્રિસ ચાઈનીઝ પંજાબી, નીલકંઠ મેડિસિન, ફેમિલી ફર્સ્ટ માર્ટ, જલારામ બેકરી, જય દ્વારકાધીશ હોટલ, જય જલારામ દાળ પકવાન, ગણેશ મદ્રાસ કાફે, બાલાજી ખમણ, શ્રીરામ ચાઈનીઝ પંજાબી, જય સરદાર રેસ્ટોરન્ટ, રાધે ક્રિષ્ના ડેરી ફાર્મ, લીંબુ સોડા, બાલાજી પાવભાજી, રાહન મેડિકલ, સંતોષ ભેળ, શિવાંશી પાણીપુરી સહિત અનેકવિધ નમુના લેવામાં આવ્યા હતા અને તેની ચકાસણી કરવામાં આવી હતી..

### શહેરમાં અગાઉ તાલુકા, બી-ડિવીઝન, થોરાળા પોલીસે ગૌમાંસ વેંચવાના કારસ્તાન ઉઘાડા પાડ્યા હતાં

# ગૌમાંસની હેરાફેરી: વાંકાનેરથી જંગલેશ્વર પહોંચે એ પહેલા જથ્થો પકડાયો

## ગૌરક્ષકોની ટીમે ૨૦૦ કિલો ગૌમાંસ સાથે વાંકાનેરના શાહરૂખને પકડી બી-ડિવીઝનને સોંપ્યો: મુખ્ય સપ્લાયર કોણ? ક્યાં ક્યાં ગૌમાંસ મોકલે છે? પોતે ગૌમાંસ ક્યાંથી લાવે છે? તેની તપાસનો ધમધમાટ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૯**

શહેરમાં અગાઉ પણ અનેક વખત પોલીસ અને ગૌરક્ષક કાર્યકરોએ મળી ગૌમાંસ વેંચવાના કારસ્તાનનો પર્દાફાશ કર્યો હતો. શહેરના થોરાળા વિસ્તાર અને તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં તેમજ બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં ગૌમાંસ વેંચવાના કારસ્તાન ખુલ્લા પડતાં પોલીસે આકરી કાર્યવાહી કરી હતી. વધુ એક વખત ગૌમાંસ ભરેલી ઇકો કાર સાથે પોલીસ અને ગૌરક્ષકે એક શખ્સને પકડી લીધો છે. બસ્સો કિલો જેટલુ ગૌમાંસ આ શખ્સ વાંકાનેરથી કારમાં ભરીને નીકળ્યો હતો અને જંગલેશ્વરમાં કોઇ લગ્ન શાદી પ્રસંગમાં આ ગૌમાંસ પહોંચાડવાનું હતું. જો કે માંસ ત્યાં સુધી પહોંચે એ પહેલા જપ્ત કરી હેરાફેરી કરી રહેલા શખ્સને દબોચી લીધો હતો. આ પ્રકારે અગાઉ પણ ગૌમાંસની હેરાફેરી થયાની શંકાએ પોલીસે તપાસ આગળ વધારી છે અને મુખ્ય સપ્લાયરને શોધી કાઢવા કાર્યવાહી હાથ ધરી છે.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરના ગૌરક્ષક કાર્યકરોને પાક્કી માહિતી મળી હતી કે ગૌમાંસ ભરેલી એક ઇકો કાર કુવાડવા રોડ જુના પોલીસ સ્ટેશન સામેના રોડ પરથી પસાર થવાની છે. આ માહિતી કાર્યકરોએ વોચ રાખી હતી અને શંકાસ્પદ માસ સાથે કાર પકડી લીધી હતી. પછી પોલીસને જણાવતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેની સુચના અનુસાર હેડકોન્સ. હિતેષભાઇ જોગડા સહિતની ટીમ પકડાયેલા શખ્સ અને માંસના જથ્થા સાથેની ઇકો કારને પોલીસ સ્ટેશને લાવી કાર્યવાહી કરી હતી. માંસના ટુકડાના નમુલા લઇ એફએસએલમાં મોકલતાં તેના રિપોર્ટમાં આ ગૌમાંસ જ હોવાનું ખુલતાં ગુનો નોંધી આ શખ્સની ધરપકડ કરી ગૌમાંસ, કાર કબ્જે કર્યા છે. ઝડપાયેલા શખ્સે રટણ કર્યુ હતું કે વાંકાનેરથી આ માંસ જંગલેશ્વરમાં શાદી પ્રસંગ હોઇ ત્યાં પહોંચાડવા આપ્યું હતું. પોલીસ આ ગૌમાંસની સપ્લાય કરનારની શોધખોળ શરૂ કરી છે.

વધુ માહિતી જોઇએ તો ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ જુના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન સામેના હાઇવે પરથી ગૌરક્ષકને મળેલી માહિતીને આધારે બી-ડિવીઝન પોલીસે વોચ રાખી વાંકાનેરના શખ્સને ઇકો કારમાં ૨૦૦ કિલો ગોમાંસ ભરીને





નીકળતાં પકડી લઇ એફએસએસનો રિપોર્ટ આવ્યા બાદ ગુનો નોંધ્યો છે. વાંકાનેર તરફથી ભરાયેલુ આ ગૌમાંસ રાજકોટના જંગલેશ્વર તરફ લઇ જવાનું હોવાનું પકડાયેલા શખ્સે રટણ કર્યુ હતું. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસમાં હેડકોન્સ. હિતેષભાઇ જોરૂભા જોગડાની ફરિયાદ પરથી શાહરૂખ મહેબુબભાઇ શાહમદાર (રહે. વાંકાનેર કુંભારપરા, મતવા મસ્જીદ પાસે ઇબ્રાહીમભાઇના મકાનમાં) તથા તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૬ (બી) સહિતની કલમો હેઠળ ગુનો નોંધી એકવીસ વર્ષના આરોપીની ધરપકડની તજવીજ કરી હતી.

આ શખ્સની તેની ઇકો કાર જીજે૩૬એએલ-૩૦૫૨ રૂા. પાંચ લાખની અને રૂા. ૧૦ હજારનું ૨૦૦ કિલો ગૌમાંસ કબ્જે કરાયા હતાં. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ. હિતેષભાઇ જોગડાએ ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૭મીએ અમે ફરજ પર હતા. ત્યારે એએસઆઇ નીતીનદાન ગઢવીએ જણાવેલુ કે અરજદાર મયુરભાઇ મુકેશભાઇ દેસાઇ (રહે. માયાણીનગર-૫) કે જે ગૌરક્ષક કાર્યકર છે તેઓ રૂબરૂ આવીને કહે છે કે કુવાડવા રોડ જુના પોલીસ સ્ટેશન નજીકથી ઇકો કાર નીકળવાની છે અને તેમાં ગૌમાંસ છે. આથી વોચ રાખીને ઉભા રહેતાં જીજે૩૬એએલ-૩૦૫૨ નંબરની ઇકો નીકળી હતી. તેના ચાલકનું નામ પુછતાં શાહરૂખ શાહમદાર (રહે. વાંકાનેર) કહ્યું હતું. ઇકોની ડેકીમાં જોતાં માંસ હોઇ તે ગૌમાંસ હોવાની શંકા હોઇ એફએસએલને બોલાવી કાર્યવાહી કરી હતી.

એફએસએલનો રિપોર્ટ આવતાં આ જથ્થો ગૌમાંસ હોવાનું સ્પષ્ટ થતાં ગુનો દાખલ કરાવ્યો હતો. કાર્યકરોમાં મયુરભાઇ દેસાઇ સાથે મયુર પટેલ, ભાવીનભાઇ ઘીયાડ, વિશાલભાઇ રાતડીયા, જયેશભાઇ નિમાવત, દીપકભાઇ રાજગોર, શીવાજીભાઇ રાજગોર, કિશનભાઇ ઠાકોર, ભુરાલાલ સોલંકી, મિલન સોલંકી, ગૌતમ આહિર, જયદીપ પટેલ, અભિષેક આશરા, લાલા રામાવત, મિત ગોસ્વામી, વિશાલ ભરવાડ, ઋત્વીક ગોંડલીયા, મિલન રબારી, મયુર વાલાણી, છગન જોગરાણા સહિતના સામેલ હતા. જ્યારે હેડકોન્સ. હિતેષભાઇ જોગડા સાથે કોન્સ. વિજયભાઇ સિંધવ, હોમગાર્ડ રવિભાઇ પાનસુરીયા સહિતે કામગીરી કરી હતી. ઇકો કારની ડેકીમાં ઢોરના પગ, અલગઅલ માંસના ટુકડા મળી આવ્યા હતાં.

જેનું વજન બસ્સો કિલો જેવુ થયું હતુ. એફએસએલમાં મોકલાયેલા સેમ્પલ મુજબ આ બસ્સો કિલો માંસ ગૌવંશનું હોવાનું સ્પષ્ટ થયું હતું. પીઆઇ એસ. એસ. રાણેની રાહબરીમાં આરોપી શાહરૂખની વિશેષ પુછતાછ થતાં તેણે એવુ રટણ કયુ હતું કે મને વાંકાનેરથી મારા મિત્રએ કહેલુ કે મારી ગાડી ખરાબ થઇ ગઇ છે, આ માંસ રાજકોટ જંગલેશ્વરમાં લગ્ન પ્રસંગમાં પહોંચાડવાનું છે, જેથી હું માંસ મારી ગાડીમાં લાવ્યો હતો. પોલીસે કબ્જે કરેલા માંસને કાર્યવાહી બાદ મનપાના જે તે વિભાગને સોંપવા કાર્યવાહી કરી હતી. ગૌમાંસની હેરાફેરી આ પહેલા પણ કેટલી વખત થઇ છે? મુખ્ય સપ્લાયર કોણ છે? તે ગૌમાંસ ક્યાંથી લાવે છે? ક્યાં ક્યાં મોકલે છે? સહિતની તપાસ સપ્લાયર ઝડપાયા બાદ બહાર આવશે.

# ગુજરાતના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી કરાવો મુક્ત



**રાજયસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલની વડાપ્રધાન અને વિદેશ મંત્રીને રજૂઆત**

રાજકોટ મિરર, અમદાવાદ, તા.૨૯

ગુજરાતના માછીમારો જે પાકિસ્તાનની કેદમાં બંધ છે એમની ચિંતા કરતો એક પ્રશ્ન રાજ્યસભામાં સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે વ્યકત કર્યો હતો. શક્તિસિંહ ગોહિલે પ્રશ્નમાં પૂછ્યું હતું કે, ગુજરાતના કેટલા માછીમારો પાકિસ્તાનની કેદમાં બંધ છે ? ભારત સરકારે પ્રશ્નના જવાબમાં લેખિતમાં સ્વીકાર્યું છે કે, ૧ જુલાઈ, ૨૦૨૪ના જે યાદી પ્રાપ્ત થઈ છે એ પ્રમાણે ભારતના કુલ ૨૧૧ માછીમારો પાકિસ્તાનની કેદમાં છે અને એમાંથી ૧૩૯ જેટલા ગુજરાતના માછીમારો પાકિસ્તાનની કેદમાં બંધ છે. આ માછીમારોને તાત્કાલિક પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા માંગણી કરી હતી અને જણાવ્યું હતું કે, માછીમાર ભુલથી બોર્ડર ક્રોસ કરીને જાય તો પાકિસ્તાનના કાયદા મુજબ સજા મર્યાદિત છે. એ સજાનો પિરિયડ પૂરો થઈ ગયો હોવા છતાં ત્યાં કેસ ચાલતા નથી, અપીલો ચાલતી નથી, કેન્દ્ર સરકારે કાઉન્સીલર એક્સેસ આપીને આવા કેસોનો નિકાલ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ એવી માંગણી પણ વડાપ્રધાન અને વિદેશ મંત્રી પાસે શ્રી શક્તિસિંહ ગોહિલે કરી હતી.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહજી અને સોનિયા ગાંધીજીને મળીને પાકિસ્તાનની કેદમાં આપણા માછીમાર હોય તો પોતાના ઘર-પરિવાર સાથે સંદેશાવ્યવહાર થઈ શકે એટલા માટે ટપાલ વ્યવહાર ચાલુ કરાવ્યો હતો. માછીમારના ઘર-પરિવારના સારા-નરસા સમાચારો એના સુધી પહોંચે એટલા માટે ટપાલ પાકિસ્તાનની જેલમાં જઈ શકતી હતી અને પાકિસ્તાનમાં રહેલા કેદી પોતાના ઘરના સભ્યોને ટપાલ લખીને પોતાની જે તકલીફો હોય અથવા પોતાની જે પરિસ્થિતિ હોય તેની વાત કરી શકતા હતા. આપણા કેદી પાકિસ્તાનની કેદમાં રહ્યા હોય એને કોઈપણ મુશ્કેલી હોય તે તેની વાત પરિવાર અને સરકાર સુધી પહોંચતી હતી. મારા આજના પ્રશ્નના જવાબમાં ભાજપની સરકારે સ્વીકાર્યું છે કે, હવે પાકિસ્તાનની સરકારે આપણા ગુજરાતના કે ભારતના કેદીઓ ત્યાં છે એની સાથે ટપાલ વ્યવહાર બંધ કરી દીધો છે ત્યારે આવો એકતરફી ટપાલ વ્યવહાર બંધ ન થઈ શકે. કેન્દ્ર સરકારે આ અંગે લાલ આંખ કરવી જોઈએ.

પાકિસ્તાનમાં રહેલો ગુજરાતી કે ભારતીય માછીમાર પોતાના ઘર-પરિવાર સાથે સંપર્ક ન કરી શકે એ માનવ અધિકારનો ભંગ છે ત્યારે જરૂર જણાયે આંતરરાષ્ટ્રીય સ્તર પર આ મુદ્દો ઉઠાવવા કેન્દ્ર સરકાર સમક્ષ શક્તિસિંહ ગોહિલે માંગણી કરી હતી.

### સંગઠન પર્વ : બુથ સમિતિનું ૧૦૦% કામગીરી પૂર્ણ

# રાજકોટ જીલ્લા ભાજપે સૌરાષ્ટ્રમાં મેળવ્યો અવ્વલ નંબર






રાજકોટ મિરર, તા.૨૯

ભાજપની સંગઠન રચનાના સંગઠન મહાપર્વ કાર્યક્રમમાં પ્રાથમિક સભ્ય નોંધણી, સક્રિય સભ્ય નોંધણી અને ત્યારબાદ બુથ સમિતિ રચના કાર્યક્રમ સમગ્ર ભારતમાં ચાલી રહ્યો છે. જે અંતર્ગત પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટ જીલ્લા ભાજપના સંગઠન રચનાના ચુંટણી અધિકારી તરીકે આશિષભાઈ દવે તેમજ સહ ચૂંટણી અધિકારી તરીકે જે.કે. ચાવડાની નિમણુક થયેલ સાથે સાથે જીલ્લા ભાજપ દ્વારા અપાયેલા નામો પૈકી સ્થાનિક સહ-ચૂંટણી અધિકારી તરીકે પ્રફુલભાઈ ટોળિયા તેમજ ડો.દિપકભાઈ પીપળીયાની નિયુક્તિ બાદ ગ્રામ્ય મંડલોમાં ખેતીવાડીની સીઝન હોવા છતાં સુવ્યવસ્થિત આયોજન અને સમયબદ્ધ માઈક્રોપ્લાનિંગ દ્વારા જીલ્લાની કાર્યશાળા, પ્રવાસ દ્વારા મંડલની કાર્યશાળાઓ પૂર્ણ કરી માહિતી અને માર્ગદર્શન આપી જીલ્લાના ૧૪૪૬ બુથો ઉપર બુથ સમિતિની રચના કાર્ય આરંભવામાં આવ્યું હતું.

જે કાર્યક્રમ માત્ર પાંચ દિવસમાં ઉપરોક્ત પદાધિકારીઓના માર્ગદર્શન અને આગવી સુજબુઝના કારણે ૧૦૦% બુથ સમિતિઓની રચના કરી અને સરલ એપ પર અપલોડ કરવામાં સમગ્ર ગુજરાતમાં ગાંધીનગર બાદ રાજકોટ જીલ્લો દ્વિતીય ક્રમે જયારે સૌરાષ્ટ્ર-કચ્છમાં બુથ સમિતિની રચનામાં રાજકોટ જીલ્લો પ્રથમ રહ્યો છે. જે બદલ ઉપરોક્ત પદાધિકારીઓ અને જીલ્લાના કાર્યકર્તાઓ ઉપર અભિનંદનવર્ષા થઈ રહી છે.

# ભાજપના રાજમાં અવાજ ઉઠાવવા બહેનો બને સજાગ : ઉદયભાનુ ચીબ

## ભારતીય રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદયભાનું ચીબ તેમજ શક્તિ સુપર સી સંગઠનની ટીમ રાજકોટમાં : સરકાર પર કર્યા પ્રહારો

રાજકોટ મિરર, તા.૨૯

ભારતીય રાષ્ટ્રીય યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદયભાનું ચીબ તેમજ શક્તિ સુપર સી સંગઠનની ટીમ આજે રાજકોટ આવી પહોંચી હતી. હિરાસર એરપોર્ટથી સર્કિટ હાઉસ સુધી રેલી સ્વરૂપે મહિલા સંગઠન શક્તિ સુપર સીની ટીમનો કાર્યક્રમ હેમુ ગઢવી હોલમાં યોજાયો હતો. અહીં ઉપસ્થિત આગેવાનોએ વર્તમાન સરકાર પર પ્રહારો કરી મહિલાઓને જાગૃત થવા પર ભાર મૂક્યો હતો.

મહિલા શક્તિ સુપર સીના ચેરમેન વૈશાલી સિંદે એ કહ્યું હતુ કે, આજના સમયમાં મહિલાઓને હજુ પણ વધુ સશક્ત બનવું પડશે અને તેના માટે શક્તિ સુપર સી સંગઠન હંમેશા મહિલાઓને પ્રોત્સાહિત કરવા, સશક્ત કરવા માટે હર હંમેશ તત્પર છે. ઓલ ઈન્ડિયા શક્તિ સુપર સીના ઈન્ચાર્જ એવા શરીફા રહેમાનજીએ પણ મહિલાઓને લિંગ સમાનતાની વાત કરીને સમાજની અંદર જો લિંગ આધારિત હિંસા ભેદભાવ ઘરેલુ હિંસા વેગેર જેવી સમસ્યાઓને કઇ રીતે દૂર કરી શકાય અને મહિલાઓને એ બાબતે સકારાત્મક બની જાગૃતતા લાવી જોઈએ તેના માટેની વાત કરવામાં આવી. પૂર્વ પ્રમુખ હિમાચલ પ્રદેશ નિગમ ભંડારીએ મહિલાઓના નેતૃત્વ બાબતે વકતવ્ય તેમણે આપ્યું હતું. ગુજરાતના ઈન્ચાર્જ એવા શશી સિંગે કહ્યું હતુ કે, મહિલાઓને આત્મવિશ્વાસ વધારવા માટે મહિલાઅને સ્વતંત્ર રીતે સામાજિક જવાબદાર વ્યક્તિ બનાવવા માટેના પ્રભાવશાળી કાર્યો શક્તિ સુપર સી સંગઠન કરી રહી છે.



ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા દ્વારા શક્તિ સુપર સીની સમગ્ર ટીમને ધન્યવાદ કહી અભિનંદન આપ્યા હતા. ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદયભાનું ચીબએ કહ્યું કે મહારાષ્ટ્રની ચૂંટણી વખતે મહિલાઓને લાડલી બેના જેવી યોજનાનો લાભ મળ્યો હતો. ગુજરાતની બહેનોને શામ માટે નહીં? અન્ય રાજ્યમાં જો ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં મળથી હોય તો ગુજરાતમાં કે ૧૧૦૦ રૂપિયા? એટલે આજના સમયમાં અવાજ ઉઠાવવા માટે મહિલાઓએ હવે જાગવું પડશે આગળ આવવું પડશે અને તેને આગળ આવવા માટે શક્તિ સુપર સી જેવા સંગઠન હર હંમેશ કાર્યરત છે. આવનાર દિવસોમાં કોંગ્રેસ દ્વારા મહિલાઓ માટેના આવા અવનવા સંગઠિત કાર્યક્રમો જરૂર આપવામાં આવશે જુદી જુદી સમસ્યાઓના નિરાકરણ કરવા માટે ચર્ચાઓ કરવામાં આવશે. અત્રે એ નોંધનીય છે કે, ગુરુવારે ઉદયભાનુ ચીબ દ્વારા મુન્દ્રામાં ભારે ધાંધલધમાલ મચાવીને સરકારને જગાડવા, અદાણી ગ્રુપ વિરુદ્ધ પ્રહારો કરી સફળ કાર્યક્રમ કર્યો હતો.

# ગીરગંગા ટ્રસ્ટના આગેવાનોની વિંછીયામાં બેઠક

### મામલતદાર દ્વારા જળસંચયની વિસ્તૃત ચર્ચા કરાઈ

રાજકોટ મિરર, તા.૨૯

વિંછીયા મામલતદાર અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ''જળ એ જ જીવન''નુ સૂત્ર સાર્થક થાઈ તેના માટે વધુમાં વધુ કારખાનામાં બોર રીચાર્જ થાય અને જમીનના જળ સ્રાવ ઊંચા આવે એ બાબતે તમામને માહિતગાર કર્યા ને જિલ્લા કક્ષાએથી આપવામાં આવેલ લક્ષ્યાંક અનુસાર આયોજન કરવામાં આવ્યું હતું.




મામલતદાર આર.કે.પાંચાલ એ જણાવેલ કે, પ્રધાનમંત્રીની જે યોજના છે ખેડૂતોને ઉત્પાદન ડબલ કરવું તેની વિચારધારા મુજબ સંપૂર્ણ પ્રકૃતિની રક્ષા સાથે જીવ-જંતુ અને માનવ જાતનો હિત જળવાય તેના માટે અમૃત સમાન વરસાદી શુદ્ધ પાણી નું જતન કરવા માટે દરેક સંસ્થાએ અને આગેવાનો તેમજ ગ્રામજનોએ જોડાય અને આ કાર્યને વધુ વેગ મળે તેના માટે પ્રાંત દ્વારા ગીરગંગા પરિવાર ટ્રસ્ટને માત્ર એક ફોન કરેલ અને સરસ મજાની મીટીંગ નું આયોજન કરી અને વરસાદી પાણીનું યોગ્ય જતન કેવી રીતે થાય તેની માહિતી આપી તેમાં બધાએ જોડાઈ જવું જોઈએ

આ કાર્યને વધુ વેગ મળે તેના માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના આગેવાન રમેશભાઈ જેતાણી, વિઠલભાઈ બાલધા, મામલતદાર આર.કે.પંચાલ, પ્રેમ બાપુ સતરંગ મહંત.તાલુકા પ્રમુખ અશ્વિનભાઈ સાંકળીયા, જગદીશભાઈ ગઢવી પીપરડી ગૌશાળા, સોમભાઈ ગોહિલ, સલીમભાઈ રૂપાણી, ખોડાણી સંગ્રામભાઈ, પાંચાભાઈ ચૌહાણ, સંજયભાઈ જમોડ, સલીમભાઈ રુપારી, અભેસંગભાઈ ગોહિલ, કુલદીપભાઈ, ભુપતભાઈ, જયદીપભાઈ, વિછીયા મહાજન પાંજરાપોળ, અમરાપુર સંસ્થા, વગેરે ભાઈઓ હાજર રહયા હતા.

### મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ IIM અમદાવાદ દ્વારા બનાવાયેલા

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' વિષયક કેસ સ્ટડીઝનું ઉદ્‌ઘાટન કરતા મહંત સ્વામી મહારાજ

રાજકોટ મિરર, તા. ૨૯

૬૦૦ એકરમાં ફેલાયેલું 'પ્રમુખસ્વામી મહારાજ નગર' માત્ર ૯ મહિનામાં કેવી રીતે નિર્માણ પામ્યું ? સતત ૩૫ દિવસ સુધી કાર્યરત આ વિશાળ પ્રોજેક્ટના આયોજન અને અમલીકરણના વિશિષ્ટ અભિગમો કેવા હતા ? આ નગરમાં ૧.૨ કરોડથી વધુ મુલાકાતીઓનું સફળ સંચાલન કેવી રીતે થયું ?આવી અનેક જિજ્ઞાસાઓને સંતોષતા ત્રણ અભ્યાસપૂર્ણ કેસ સ્ટડીઝ આઈ આઈ એમ (અમદાવાદ) દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયા છે. આ કેસ સ્ટડીઝમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ઉજવણી માટે નિર્માણ પામેલા ૬૦૦ એકરના અભૂતપૂર્વ 'નગર'ના આયોજન અને સંચાલનની પ્રક્રિયાને વિગતવાર રીતે સમજાવવામાં આવી છે.



ઈઅગ્જ્ના આધ્યાત્મિક ગુરુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા ૨૮ નવેમ્બરે ઉદ્દઘાટિત આ કેસ સ્ટડીઝ હવે IIM(અમદાવાદ)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ કેસ સ્ટડીઝ વિશ્વભરના લોકો માટે નેતૃત્વ, પ્રબંધન અને મેગા પ્રોજેક્ટ્સના અમલીકરણના વિષયમાં દીવાદાંડી સમાન બની રહેશે.

IIMના અનુભવી અને વિદ્વાન પ્રોફેસર વિશાલ ગુપ્તા, પ્રોફેસર સરલ મુખર્જી અને પ્રોફેસર ચેતન સોમનના ઊંડા સંશોધન અને વિશ્લેષણથી તૈયાર થયેલા આ કેસ સ્ટડીઝમાં માનવ પ્રબંધન, સેવાભાવના અને નેતૃત્વના નવતર અભિગમોનું પ્રેરક સંયોજન પ્રસ્તુત થયું છે. તે ઉપરાંત આ મેગા પ્રોજેક્ટના ડિઝાઈન અને અમલીકરણ પર પણ પ્રકાશ પાથરવામાં આવ્યો છે. અહીંની માળખાકીય સુવિધાઓ, લોજિસ્ટિક્સ, સસ્ટેનીબીલીટી અને આવા વિશાળ પ્રકલ્પને સુગમ બનાવતી ટેક્નોલોજીની ભૂમિકાને પણ આલેખી છે.

# ડો.વલ્લભભાઈ કથીરિયાનો આજે જન્મદિવસ

રાજકોટ મિરર, તા.૨૯

''સેવા પરમો ધર્મ'' અને ''ગૌસેવા દવારા રાષ્ટ્ર સેવા'' ના મંત્રને જીવનમાં આત્મસાત કરી સમગ્ર દેશમાં ગૌચેતના જગાવી ગૌ સંસ્કૃતિ ના પુનઃસ્થાપન માટે રાત-દિવસ પરિશ્રમ કરતા રાષ્ટીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને ભારત સરકારના પૂર્વ મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ વ્યકિતગત જીવનમાં માનવસેવાને પ્રાધાન્ય આપી ૧૩૩ વાર સ્વયં રકતદાન કરી યુવા વર્ગને જોડી જનચેતનાનું અભૂતપૂર્વ ઉદાહરણ પુરૂ પાડયું છે. તબીબી વ્યવસાય સાથે સમાજસેવા ડો. કથીરિયાના જીવનનું અંગ બની રહયું. કિશોરવયથી આર.એસ.એસ.ના સંસ્કાર સિંચન અને



અનેક સંતો-મહાનુભાવોના આશીર્વાદથી રાજનીતિનો જનકલ્યાણના શ્રેષ્ઠ માધ્યમ તરીકે ઉપયોગ કરનારા ડો. વલ્લભભાઈએ ''ચેરીટી બીગીન્સ એટ હોમ'' ના સિધ્ધાંતને જીવનમાં સાર્થક કરી બતાવ્યું છે. જેતપુર તાલુકાના ખીરસરા ગામમાં ૩૦ નવેમ્બર ના રોજ સામાન્ય ખેડૂત પિતા રામજીભાઈ અને માતા રંભાબેનની કૂખે જન્મેલા ડો. કથીરિયા સંઘર્ષ કરી સ્વબળ અને બુધ્ધિ પ્રતિભાના આધારે હંમેશા અવ્વલ નંબરે ઉર્તિણ થઈ, જુના એસ.એસ.સી. બોર્ડમાં સેન્ટર ફર્સ્ટ'' રહી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. અમદાવાદની બી. જે. મેડીકલ કોલેજમાંથી એમ. બી.બી.એસ.અને એમ.એસ.ની (સર્જરી) ડીગ્રી મેળવી કેન્સર સર્જરીના નિષ્ણાંત તરીકે રાજકોટમાં પ્રમાણિક, ઉમદા અને કર્મયોગી સર્જન તરીકે ખ્યાતી મેળવી. વિશાળ શુભેચ્છક સમુદાય તરફથી અભિનંદન અને શુભકામનાઓ મળી છે. ડો. કથીરિયાનો મો. ૯૦૯૯૩૭૭૫૭૭

# સમસ્ત મહાજનનાં આગેવાનો બન્યા રામકથાના શ્રાવકો

રાજકોટ મિરર, તા. ૨૯

મેનેજીંગ ટ્રસ્ટી ડો. ગીરીશભાઈ શાહ સાથે ટ્રસ્ટી મંડળના દેવેન્દ્ર જૈન, નુતનબેન દેસાઈ સદભાવના વૃધ્ધાશ્રમનાં લાભાર્થે યોજાયેલ મોરારિબાપુની વૈશ્વિક ''માનસ સદભાવના'' રામકથામાં ખાસ મુંબઈથી આવ્યા હતા. વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય ડો. ગીરીશ શાહ સાથે ટ્રસ્ટી મંડળના દેવેન્દ્ર જૈન, નુતનબેન દેસાઈ સદભાવના વૃધ્ધાશ્રમનાં લાભાર્થે યોજાયેલ મોરારિબાપુની વૈશ્વિક ''માનસ સદભાવના'' રામકથામાં ખાસ મુંબઈથી આવીને શ્રોતાઓ બન્યા હતા.

અત્રે ઉલેખનીય છે કે, સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. ગિરીશભાઈ શાહ હીરા બજાર સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય વ્યાપારી છે. જેમની ભારત, અમેરિકા, યુરોપ સહિતના વિવિધ દેશોમાં પોતાની ઓફીસ છે. વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે.



